૬૩૨૭

ઈ૦ સ૦ ૧૮૯૬ સંવત ૧૯૫૨

કીમત રૂ. ૦-૪-૦

અમદાવાદ

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની, લિમિટેડ.

કૉલેરાના ઉપાયો.

એસ. સી. કોઠારીનો કંપની.

સાયલા અને મુળી.

કાઠિયાવાડ.

૬૩૨૮

ઈ૦ સ૦ ૧૮૯૬ સંવત ૧૯૫૨

કીમત રૂ. ૦-૪-૦

અમદાવાદ

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની, લિમિટેડ.

કૉલેરાના ઉપાયો.

એસ. સી. કોઠારીનો કંપની.

સાયલા અને મુળી.

કાઠિયાવાડ.

પ્રસ્તાવના.

કાલેરા નામને દુષ્ટ અને ભયંકર રોગ જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં ફાટી નીકળે છે ત્યારે ત્યારે અને ત્યાં ત્યાંનાં બધા માણુસો એક મોટી ફીકરમાં આવી પડે છે. અને એ રોગનો નાશ કરવાની અનેક યોજનાઓ કરતા જેવામાં આવે છે. તથાપિ એ દુષ્ટ રોગ બંધ પડતો નથી તેથી અમારા મનમાં એમ આવ્યું કે એ રોગને બંધ કરવાના અને મટાડવાના ઉપાયો જો સર્વ પ્રજાની જાણમાં આવે તો તેનો ઘણો ભાગે અટકાવ થાય ખરો; એમ જાણી તે રોગની ઓળખાણ, રોગ થવાનાં કારણો અને તેને મટાડવાના ઇલાજો ઇત્યાદિના આજ સુધીમાં મળી આવેલાં અને અકસિર ઉપાયો એકઠા કરી આ બુકમાં છપાવવામાં આવેલા છે. તે એવા હેતુથી કે એ રોગ હરકોઇ ગામ કે શેહેરના હરકોઈ કુટુંબમાં થયો હોય અને પછી તે કુટુંબ ભલેને તે ગામમાં શેહેરમાં કે વગડામાં વસ્તું હોય તથાપિ તેમાંથી પોતાને જોઇતી દવા તેઓ તુરત મેળવી શકશે. અને એ રોગ મટાડી શકશે અ-

થવા તેમ નહીં તો વૈધ કે ડાકતરની મદદ આવી પહોંચતાં સુધીમાં આગળ વધતો તો બેશક અટકાવી શકશેજ. કેમકે તેમાં એ રોગની એક જ પ્રકારની દવા નથી પણ દરેક દેશી, ઇંગ્રેજી, હોમીયો પેથિક અને વનસ્પતિ ઇત્યાદીના એકજ નહીં પણ અનેક ઉપાયો મૂકેલાછે કેજે જોઇતી વખતે તેમાંનો હરકોઈ ઉપાય જલદીથી મળી શકે કેમકે એ રોગને થતોજ અટકાવામાં ન આવે તો પાછળથી તેના ઇલાજો કામે લાગી શકતા નથી. તેથી આ નાનકડું પુસ્તક દરેક કુટુંબને તેમજ વૈધ કે ડાકતરને કેવું અને કેટલું ઉપયોગી થશે? એનો ખ્યાલ કરવા કદરદાન વાંચનારને જ સોંપીયે છીએ.

ખરી રીતે કહીએ તો આ નાનકડા પુસ્તકને એટલામાં જ સમાવી દેવામાં આવેલું નથી પણ તે સાથે વળી કૉલેરા થવાના કારણો, તેને અટકાવવાના ઈલાજો ઉપરાંત હવા સુધારવાના ઉપાયો, પાણી સુધારવાના ઉપાયો, કુવા, તળાવ કે નદીના ખરાબ પાણી સાફ કરવાના ઉપાયો, શેહેર કે ગામમાં છાંટવાના પાણીને ગંદકી દુર કરનારા બનાવી

સસ્તા જથામાં મળી સકવાના ઉપાયો, કૉલેરાના વખતમાં માણસોએ ચેતવાના ઇલાજો ઇત્યાદિ બાબતો પણ ઉમેરી છે તેથી વાંચનારના ખ્યાલમાં તુરત આવશે કે આ પુસ્તક દરેક કુટુંબના દરેક માણસ પાસે રાખવાની પુરેપુરી આવશકયતા છે.

ખરૂં છે કે કૉલેરા નામનો દુષ્ટ રોગ હર વખતે આપણા હજારો હિંન્દવાશિઓનો ભોગ લે છે તેથી તેને અટકાવવાના જે જે ઉપાયો મળી આવે તે તે ઉપાયો તુરત કામે લગાડવા જોઇએ પણ કમનશિબે આપણા હિંન્દવાશિયો એ વાતની દરકાર કરતા નથી અને તેથી તે રોગ આજ કાલ હિંદુસ્તાનનું મુળ થઈ પડયોછે એ કાંઈ ખોટું નથી તેથી દરેક મનુષ્ય તેના ઉપાયો કામે લગાડી શકે એવી યોજના કરવાનો મોટો આધાર દરેક ગામ કે શેહેરની સરકાર તેમજ રાજા મહારાજા કે અમીર ઉમરાવો અને શ્રીમંતો તેમજ પ્રજાના આગેવાન નર રત્નોની સહાયતા ઉપર જ ટકી રહેલો છે. અને જો એવી સહાયતા મળે તો જ એ રોગને નાબુદ કરવાના નિયમો પ્રજા મનન પૂર્વક પાળે બાકી બીજો એકે રસ્તો નથી. તેથી તે સર્વે સાહેબોને અમારી ખાશ

વિનંતી છે કે આવાં પુસ્તકો ગરીબ વર્ગમાં મફતમાં પુરા પાડી તેનો બોહોળો ફેલાવો કરશે કે જેથી હજારો બલકે લાખો મનુષ્યોનો શુભાશિર્વાદ તેઓ મેળવી શકશે.

આ નાનકડા પુસ્તકને બહાર પાડવાનો આ કંપનીનો આ પેહેલોજ યત્નછે પરંતુ તેમાં જો તે ફતેહ પામશે તો તે કંપનીનો મુખ્ય ઉદ્દેશ અને હેતુ જે હજારો બલ્ક કે લાખો મનુષ્યોની અમૂલ્ય જીંદગીનો બચાવ કરવાના હરકોઈ સાધનો બહાર પાડવાનો છે તે આગળ વધારી સર્પ, હડકવા, અને વિંછુ ઈત્યાદીના એકઠા કરી રાખેલા અકસિર ઈલાજો બહાર પાડવાને ચુકશે નહીં

છેલે આ નાનકડા પુસ્તકમાં જે જે શોધકોએ એવા ઇલાજો જાહેરમાં મેલેલા છે તેઓનો અને અમે જે જે વૈધક ગ્રંથોનો આધાર લીધો છે તે તે સર્વે સાહેબોનો ઉપકાર માનીએ છીએ.

સાયલા–અને–મૂળી.
કાઠિયાવાડ.

એસ. સી. કોઠારી એન્ડ કો.

અનૂક્રમણિકા.

કૉલેરાના ઉપાયો ભાગ ૧ લો........પૃષ્ટ.

કૉલેરાની ઓળખાણ ૧

કૉલેરા વિષે મી "કોખ" નો મત અને તેના ટે-
કામાં તેણે આપેલા કેટલાક દાખલાઓ ૭

કૉલેરા વિષે ર‍ાતા વ્હેમો અને એવા વ્હેમિયો
ને કવી દ. ડા. સી૦આઈ૦ઈ૦ એ આપેલો બોધ ૧૧

કૉલેરાના ઉપાયો ભાગ ૨ જો..........પૃષ્ટ.

કૉલેરા થવાના મુખ્ય મુખ્ય કારણો અને તેને
અટકાવવાના ઈલાજો ૧૩

કૉલેરાના દરદીના ઝા:ા, ઊલટી ઈત્યાદિની સં-
ભાળ તથા સ ર વાર કરવાની રીત. ૧૭

કૉલેરાનો અટકાવ થવાના નિયમો ૨૪

કૉલેરાના વખતમા દરેક માણસોએ પીવાની
દવાઓ ૩૪

કૉલેરાના વખતમાં દરેક માણસોએ પાસે રા-
ખવાની દવાઓ.............................. ૩૭

કૉલેરાના ઊપાયો ભાગ ૩ જો ૪૧

કૉલેરાનો રોગ લાગુ થવાની અગમ ચેતિઓ
અને તેથી ચેતવાના ઇલાજો.................. ૪૧

કૉલેરાના ઊપાયો ભાગ ૪ થો .... પૃષ્ટ.

કૉલેરાનો રોગ લાગુ થયા પછીના લક્ષણો અને તે દરેક લક્ષણોના અકસિર જણાયલા દેશી, ઇંગ્રેજી, હોમીયોપેથિક અને વનસ્પતિ ઇત્યાદિના ઊપાયો.................................... ૪૫
ભયંકર નિશાનીઓ.................................... ૫૧
શરીરની ગરમી.................................... ૫૩
શરૂઆતનો આવતો ઝાડો બંધ કરવાના ઇલાજો.................................... ૫૬
ઝાડો બંધ કરવાના સબંધમાં અગત્યની સૂચના. ૬૨
ઇંગ્રેજી દવાઓ.................................... ૬૩
હોમીયોપેથિક દવાઓ.................................... ૬૪
દેશી દવાઓ.................................... ૬૫
કૉલેરાના દરદીને તરશ ઘણી લાગતી હોય ત્યારે કરવાની દવાઓ તથા સૂચના.................................... ૬૮
કેટલાક અનુભવીઓએ જાહેરમા મેલેલી દવાઓ. ૭૭
કૉલેરાના દરદીનું અંગ ઠંડુ પડી જાય અને હાથ પગમાં ગોટલી ચડે ત્યારે કરવાના ઊપાયો તથા શેક કરવાની રીતો.................................... ૮૭
કૉલેરાના દરદીને ખારાક કેવો અને કયારે આ-આપવો!.................................... ૯૦
અંગમાં ગરમી આવવા પછીના ઊપાયો તથા તે

બાબત અગત્યની સૂચના.................... ૯૧

જાહેર ખબરો ૯૫

રહી ગયેલી ચુકો પ્રસ્તાવના પાસેનું...પૃષ્ટ.

પીવાના પાણી સુધારવાના ઊપાયો ૧૨

કુવા કે તળાવના પાણી તેમાંજ સુધારવાના ઊપાયો ૧૨

કુવા તળાવ અને નદીના પાણીને ગંદકી દુર કરનારા બનાવી મ્યુનિસિપાલિટીને સસ્તા જથામાં મળી શકવાના ઊપાયો ૧૩

ખુલાસો.

જ્યાં મિનિમ ત્યાં એક ટીપું સમજવું.

આઊસ (અઢી રૂપીયાભાર) ,,

ડ્રામ (૬૦ ઘઊં ભાર) ,,

ગ્રેન (સુમારે ઘઊંભાર) ,,

પાંઇટ (આશરે સવાસેર) ,,

ગ્યાલન (દસ શેર) ,,

રહી ગયેલી ચૂક.

આ બુકના પાને ૨૭ મે પાણી શુદ્ધ કરવાના ઉપાયોની કલમ (૬) નિચે નિચેપ્રમાણે વધારવું.

૭–પીવાના પાણીમાં ચુનાનું પાણી થોડું નાખવાથી તેની અંદરનો ક્ષાર જુદો પડી તળીએ જઈ બેસેછે. અને પાણી સ્વચ્છ બનેછે અથવા

૮–એક લોખંડનો અગર કોલસાનો કટકો પાણીમાં રાખવાથી તે પાણીની અંદરના ખરાબ વાયુ શોપી લે છે અને પાણી શુદ્ધ બને છે.

૯–કુવા કે તળાવના પાણી તેમાં જ સુધારવાના ઉપાયો.

૧–એક ગ્યાલન પાણીમાં ચાર ગ્રેન પ્રમાણમાં ફટકડી નાખવાથી પાણી માંહેની ખરાબ વસ્તુઓ તળીયે જઈ બેસે છે. ફટકડી નાખીને પાણી ખુબ ડખોળાવી પછી ઠરવા દેવું જોઇએ.

૨–"પરમેંગનેટ ઓફ પોટાશ" પાણીમાં નાખવાથી પાણીનો ખરાબ વાસ અને સડેલી વનસ્પતીનો અંશ દુર થાય છે.

૩–જે કુવા કે તળાવની અંદર માછલા હોય છે તે પાણી સારૂં રહે છે કેમકે પાણી માંહેનો મેલ માંછલા ખાઈ જાય છે. તેથી જ્યાં ટાંકા ઇત્યાદિના પાણી બગડતાં હોય ત્યાં માછલાં રાખવાથી પાણી સારૂં રહે છે.

૪–"નિર્મળી" નામના ફળ થાય છે તેને વાટીને પાણીના વાસણની અંદર લગાડવાથી પાણીમાં ભળેલા પદાર્થો છુટા પડે છે. અને તળીયે જઈ બેસે છે. ચાર ગ્યાલન એટલે એક મણ પાણીના વાસણમાં માત્ર દોઢ ગ્રેન બસ થઇ પડે છે.

૧૦–કુવા તળાવ અને નદીના પાણી ગંદકી દુર કરનારા બનાવી મ્યુનિશીપાલિટીને સસ્તા જથામાં મળી શકવાના ઊપાયો.

(૧) પાણી છાંટવાની ગાડીઓ અથવા પિપોની અંદર દર સો ગ્યાલન પાણીના ઠામમાં (૨૫) તોલા કપુરની પોટકી બાંધી રાખવાથી તેનો વાશ પાણીમાં જશે અને એ પાણી શેહેરમાં છાંટવાથી ગંદકી અને ખરાબ હવાનો નાશ થશે. અથવા

(૨) "નવાસગર" "પરમાંગનેટ ઓફ પોટાશ" અથવા "ગંધક" ઇત્યાદી યોગ પ્રમાણમાં પાણીમાં નાખવાથી પાણી ખરાબ હવાનો નાશ કરનારૂં થઇ શકશે.

ઉપર પ્રમાણે પાણીને સુધારીને ઉપીયોગમાં લીધાથી કૉલેરાનો ઘણે ભાગે અટકાવ થયા વગર રહેશે નહીં.

HINDU WATCHES FOR RELEGIOUS

હિંદુ વાચ ! હિંદુ વાચ !!
હિંદુ વાચ !!!

તમને મનપસંદ આવે એવું સર્વોત્કૃષ્ટ ઉત્તમમાં ઉતમ વલી દેખાવમાં સરસ, જોરદાર સસ્તાં અને હલકા તેમ છેઙ્ગા પણ ઉપરની તબકડી ઉપર ગુજ-રાથી અને રોમન આંકડા ઉપરાંત તે એ આંકડાંની વચમાં હિંદુ દેવતાઓના૧૭સુંદર ચીત્રો તેમજ મધ્યમાં હિંદુઓનું રક્ષણ કરનાર **શ્રી શીવાજી છત્રપતિ મહારાજ** અને **શ્રી શંકર પાર્વતીની** આબેહુબ તસબીર. એથી સ્વાર્થ અને પરમાર્થ બને સધાય એવા હિંદુ વાચ શુ તમારે જુએ છે? તો તેની નીચે કીંમત જોઈ તુરત ઓરડર મોકલી મંગાવી લેવો !!

હિંદુ ની. સી. વાચ કીંમત રૂ ૧૦ ગ્યારંટી વરસ ૧, હિંદુ લીવ્હર વાચ કીંમત રૂ ૧૫ ગ્યારંટી વરસ ૨, હિંદુ સિલવર (ચાંદીનો) વાચ કીં રૂ. ૨૬ ગ્યારંટી વરસ ૩, હિંદુ ચીત્રો સહીતનો ટાઇમ પીસ ચીત્ર ૧૮ થી ૨૬ કીંમત રૂ ૪, ૫, ૧૦, વાચ સાથે સરસ છેડો પેટી કાચ અને સ્પ્રીંગ મફત મળશે.

તમારૂં વાચ, વખતસર યોગ્ય ફી લેઇ, ખાત્રીથી ગ્યારંટીસહ દુરસ્ત કરી આપી શું માટે સુધારવા હોય તો તુરત અમારા તરફ મોકલાવો.

જી. બી. નાઇક અને કંપની.

જે. જે. ઇસ્પીતાલના સામે, બેલાસીસ નાકા

ભાયખલા **મુંબઈ.**

કૉલેરાના ઊપાયો.

ભાગ ૧ લો.

કૉલેરાની ઓળખાણ.

આ દુષ્ટ અને ભયંકર રોગ ભાગ્યેજ કોઇની જાણ બહાર હશે. કેમકે તે આપણા દેશમાં ઘણા જુના વખતથી છે. પણ તે વખતમાં આપણા “ચરક” અને “શુશ્રુત” નામના વૈદક ગ્રંથોમાં તેને “વિશુચિકા”ના નામથી ઓળખવામાં આવતો હતો. પરંતુ તેના લક્ષણો હાલના લક્ષણો કરતાં તદન જુદાજ પ્રકારના અને વળી જુજ હતાં. એટલુંજ નહીં પણ તે જવલ્લેજ જોવામાં આવતો હતો. અને

હાલતો તે એટલો બધો જોરાવર અને ઝેરી મા-
લમ પડેલો છે કે, તે જે ઠેકાણે એકવાર પોતાનો
દેખાવ આપેછે, તે ઠેકાણેથી પછી તેને ફેલાતાવાર
લાગતી નથી કાંકે તે એક ઘેરથી બીજે ઘેર, એક
શેરીમાંથી બીજી શેરીમાં, એક મેહેલ્લામાંથી બી-
જા મેહેલ્લામાં, એક ગામથી બીજે ગામ, એક શે-
હેરથી બીજે શેહેર, એક દેસથી બીજે દેશ, અને
એક ખંડથી બીજે ખંડ એમ ઝપાટામાં ફેલાઈ
જઇને હજારો માણસોની અમુલ્ય જીંદગીનો
એક થોડીજ વારમાં નાશ કરી નાંખેછે. એટલુંજ
નહીં પરંતુ એક ઘરના એકાદ માણસને તેણે પો-
તાની ચુંગાલમાં લીધો તો વખતે તેના આખા
કુટુંબનો પણ નાશ કરી નાખેછે. એવો આ ભ-
યંકર વ્યાધિ હોવાથી કેટલાંકના તો તેનું નામ સાં-
ભળતાંજ ગાત્ર ઢીલા થઈ જાયછે. અને શું
નાના કે શું મોટા, શું રાજા કે શું રાંક, શું
શ્રીમંત કે શું ગરિબ તમામ તેની દેહેસતથી ધ્રુજે
છે; અને તેથી તેઓના મન ઉપર એવી તો માઠી
અસર થાય છે કે, કેટલાક તો એ દેહેસતને લી-
ધેજ તેના ભોગ થઈ પડેછે. વળી કેટલાક તો એ

રોગ ચાલતો હોય ત્યાંથી જીવ લેઇને નાશી જાય છે અને પછી તે ગામ કે શેહેર છેક ખાલી થઈ જાયછે. કેમકે એ રોગ ચાલતો હોય ત્યારે ઘડી પછી પોતાની જીંદગીની શું સ્થિતિ થશે તેનો ભરોંસો રહેતો નથી. કાંકે એ રોગે એક વાર જે માણસને પોતાના ઝપાટામાં લીધો તેને પછી બચવા અથવા ન બચવાનો મોટો આધાર માત્ર એક પરમેશ્વર ઉપરજ રહેછે. તેથી કેટલાક તો એક બીજાને ઘેર પણ જતા નથી અને તેથી તે મુડદાંની યોગ વ્યવસ્થા પણ થતી નથી.

એવો આ પલિત રોગ એકલા હિંદુસ્તાનમાંજ નથીપણ યુરોપ,એશિયા,આફ્રિકા, અમેરિકા,ઇત્યાદિ પૃથ્વિના ઘણા ભાગ ઉપર તે જોવામાં આવેછે. તેથી તેને ભિન્ન ભિન્ન નામોથી ઓળખવામાં આવે છે. કૉલેરા, કોગળીયું, મહામારી, ટુંટીયું, વાયું, મોરબસ, જીરી મરી, વબા, અધોક એવા અનેક નામોથી ઓળખવામાં આવેછે અને તેના લક્ષણો પણ ભિન્ન ભિન્ન પ્રકારના જોવામાં આવેછે, તેમાં મુખ્ય કરીને પ્રથમ ઝાડો, ત્યાર પછી ઉલટી, શરીરનું ઠંડુ પડવું ઇત્યાદિ અનેક પ્રકારના લક્ષણો થઇ આવે

છે તેમાં કોઇને થોડા તો કોઇને ઘણા જોવામાં આવેછે વળી તે એવાતો જોરાવર છેકે જો ઝાડો ઉલટી બંધ કરે તો પેટ ચડે એટલે બંધેજ થઈ આવેછે અને પેટ છોડવાં જાયતો બેસુમાર ઝાડો થઈ આવેછે. તેથી આ રોગમાં ભય લાગે તેમાં નવાઈ નથી. વળી આ રોગને માટે કેટલાક વિદ્વાન ડાકતરો અને વૈદ્યો અવાર નવાર તેના મુળ કારણો અને ઉપાયો શોધવામાં રોકાયેલા છે છતાં અદ્યાપિ સુધી તેમાં તેઓ ફતેહ પામ્યા નથી. તોપણ તેથી તે વિષે નાખતી કરવી એ લાજમ નથી. અને અખતરાઓ કર્યા જતાં કોઈ વખત ફળદાયક આવી પહોંચશે વળી એમ પણ ધારવું નહીં કે મોટા મોટા વિદ્વાન ડાકટરોજ તેમાં ફતેહ પામશે પણ વખતે એક સાધારણ વૈદ્યકે ડાકતર તો શું પણ એક બાહોસ અનૂભવિ માણુસ પણ કોઈ અછા સંયોગથી તેના ઉપાય ખોળવામાં વખતે ફાવી જાય; એ નહિ બનવા જોગ નથી. કાંકે આજ સુધીમાં જે જે મોટી અને અદભૂત શોધો થઇછે. તે ઘણા સાધારણ માણુસોએ કરેલી છે. તેના ઉદાહરણો અનેક છે પરંતુ તે આ જ-

ગોએ લખવા જરૂર નહીં ધારતા ટુંકમાં માત્ર એટલુંજ કહેવું બસ થશે કે આવા રોગને નાશ કરવાના ઉપાયોની શોધ ખોળ કરવામાં કાળે કરીને પણ ફતેહ પામવાનો વખત આવી લાગશે અને તે પછી હજારો. અને લાખો માણસોના ભયનો નાશ થશે.

હાલના જમાનાના કેટલાક માણસો એમ સમજે છે કે આ રોગને ઓળખવો શેહેલામાં શેહેલો છે. પણ તેમાં તેઓ ભુલેછે. કેમકે આ દરદ જુદા જુદા વખતે અને જુદા જુદા દરદીઓમાં એટએટલાંતો જુદા જુદા લક્ષણોમાં દેખાય છે કે કેટલીક વારતો તેની ચિકીત્સા કરનારને મોટી ગુચવણ ગઈ પડે છે. પણ જેણે એવા દરદવાળાના ઝાડા, ઉલટી, શરીરનું ઠંડુ પડવું ઇત્યાદિ લક્ષણો જોયેલા હોયછે તેને એ દરદ પારખવું મુશ્કેલ નથી. આ લક્ષણો ઘણા ભાગે ઘણા દરદીઓમાં હોવાથી માણસ એમ ધારે છે કે કૉલેરા એક જાતનુંજ છે પણ તેમ નથી. પરંતુ જુદી વખતના રોગ ચાળામાં અને જુદા જુદા દરદીઓમાં કાંઈ બધા એક સરખાં લક્ષણો હોતાં નથી

અને જુદા જુદા દરદીઓને વાસ્તે કાંઈ એકજ ઉપાય કામે લાગતો નથી પણ જુદા જુદા દરદીઓને જુદી જુદી દવાઓ જોઇએ છીએ માટે અમે આ દરદને માટે આજ સુધીમાં અકસિર અને સિદ્ધ થયેલા અનેક તરેહના ઉપાયો દાખલ કરેલા છે. મતલબકે તેથી જેને જેવા ઉપાયો જોઇએ તેવા ઉપાયો તેમાંથી તેઓ કરી શકે.

અમારે આ જગોએ કહેવું જોઇએ કે કૉલેરાના રોગને માટે ઉપર મુજબ જ્યાં સુધી અકસિર ઉપાયો જડી આવ્યા નથી ત્યાં સુધિ તે રોગ વિષે અનેક તરેહની કલ્પનાઓ થતી જોવામાં આવેછે કેટલાકનો મત એવો છે કે તે રોગ ચેપી છે. અને કેટલાકનો મત તેથી જુદોજ છે, અમેરિકાના બાહોસ ડાકતર મી૦ "**કોખનો**" મત એવો છે કે કૉલેરાના (,) આવા અલ્પ વિરામના ચિન્હ જેવા જંતુઓ સાબીત થયેલાછે. અને તેને "બેસિલ્સ" ના નામથી ઓળખાવવામાં આવેછે તે જંતુઓ ઘણા શુક્ષમછે. અને કોઈ કારણથી તે દરદીના ઉલટી કે ઝાડાના ભાગરૂપે હવા કે બીજા યોગવડે કરીને માણસની હોજરીમાં કે આંતરડામાં

જાયછે તો પછી ત્યાં વૃદ્ધિને પામી એકદમ કૉ- લેરાનો રોગ ઉત્પન્ન કરેછે. ત્યારે તે વાતને કેટ- લાક ડાકટરો હસી કાહાડી તેથી વિરૂદ્ધમત બતાવે છે. અને એજ "બેસિલ્સ" એકાદ દાકતર મોટું સાહાસ કરીને પાણીની અંદર પીયી ગયો તથાપિ તેને કાંઇ પણ થયું નહીં. પણ આ માટે મી૦ કોખનું કહેવું એવું છે કે ભલેને કદી એકાદ જણના ઉપર તેવી અસર ન થઈ તેથી શું થયું ? પણ તે માટે મારો શોધ કાંઇ ખોટો નથી. અને બીજો કોઈ તેને માટે જ્યાં સુધી કાંઇ પકું મુળ શોધી શકે નહીં ત્યાં સુધી હું મારો મત ખોટો કહીશ નહીં. અને પોતાનો મત ખરોછે તેમ બતાવવા તે કેટલાક અનુભવ સિદ્ધ દાખલાઓ આપે છે.

દાખલો ૧ લો–બંગાળાંમાં એક કુટુંબના એક મા- ણસને કૉલેરા થયો તેણે એકવાર સાદરી ઉપર પણ ઉલટી કરી હતી. જે તેના ઘરના માણસોએ લેઇને એક કોરે મુકી છાંડી હતી તે માણુસ તે દરદથી મરી ગયો પણ તેનો દહાડો કરવો જોઇએ

તેથી તેને ત્યાં નાત જમાડી નાતને જમવા માટે ખાંડના લાડુ કરવામાં આવ્યા હતા. તે લાડવા વાળતી વખતે પેલી ઊલટીથી ખરડાયેલી સાદરી કોઇએ બેખબરથી ઉપીયોગમાં લીધી, તેથી લાડુનો અવળસવળ ઘાણુ કરતાં સાદરી અંદરના કૉલેરાના શુક્ષમિક ઇંડાયાને બીજ તે સાથે મળ્યા પછી તે લાડવા જેના જેના ખાધામાં આ-વ્યા તેમાંના ઘણાખરાને આ રોગ લાગુ થયો હતો. આ લાડવામાં કૉ-લેરાના રોગકારી જંતુના જો કે ઇંડાજ હતા તથાપિ તે મનુષ્યોના પેટમાં જવા પછી શેવાઈ વૃદ્ધિ પામી ભરાઈ પુર્ણ રૂપમાં મી. કોખના બતાવ્યા પ્રમાણે (,) આ કામાના આકારના અગણિત વધી પડયા ને મોટા રૂ-પમાં કૉલેરા ફાટી નીકળ્યો.

દાખલો ૨ જો—કાઠીયાવાડમાં એક વખત પરદેશી બાવાને એ દરદ થયું; તેણે રાત્રે એક

શેરડીના વાઢ નજીક પાણીની હોજમાં પોતાનું ઉલટી કે ઝાડાથી ખરડાયલું લુગડું તેની ઓરત પાસે ધોવરાવ્યું તેથી તે પાણી પાછળથી જેના પીવામાં આવ્યું તે સર્વને કૉલેરા થઇ આવ્યો અને અંતે શેરડીના વાઢનું કામ ચાલતું બંધ કરવું પડયું તથા ઘણા જાનોની ખુવારી થઈ.

દાખલો ૩ જો—એક ગામમાં કોળીને કૉલેરા થયો તે જે કળશીએ વારંવાર પાણી પીતો હતો તેમાનું વધેલું પાણી તે ઘડામાં નાખતો હતો. તે ઘડો તેના ફળીના કુવામાં પાણી ભરવા સારૂ બોળવામાં આવ્યો અને તેમ થવા પછી તેના ઘરમાંના ઘણાખરાને કૉલેરા લાગુ થયો.

દાખલો ૪ થો—એક વખત એક માણસે કૉલેરાના ઝાડા ઊલટી વાળી રાખ વાડામાંના રાખના એક બીજા ઢગલા નજીક નાખી હતી, તેમ તેના અજ્ઞાનતાથી બન્યું હતું. પણ તેથી બન્યું એમ કે કેટ-

લાક દીવસ પછી તેજ રાખથી ખરડાયલા દાણા દળીને ખાવામાં લીધા તેમજ કેટલાક કોરડરૂપે ખાવામાં આવ્યા અને તેથી તે ખાનારને કૉલેરા લાગુ થયો હતો.

દાખલો ૫ મો—એકવાર ભરવાડના ઘરમાં કૉલેરા થયો હતો, પણ તેજ ભરવાડના દુધથી તેના ઘરાકોને પણ કૉલેરા થયો હતો.

એ ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે કે કૉલેરાનો રોગ ચેપી નહીં પણ ચેપી જેવોતોછે. વળી કેટલાક ભોળા મનના માણસો આવો રોગ ચાલતો હોયછે ત્યારે કાંઈ દૈવ કોપ અથવા તો રાક્ષસનું કૃત્ય માની અનેક તરેહની માનતાઓ ઇત્યાદિ કરેછે. કેટલાક આ રોગની ઉત્પતી ભંગી લોકો કરેછે એમ માની એ લોકોને પોતાથી અથવાતો સતા વાળાઓથી એવા તો સંતાપે છે કે તેથી તે બિચ્ચારાઓ ત્રાસ પામી પોતાનું સ્થળ છોડીને જતા રહેછે. પરંતુ આવી સમજણ માત્ર વ્હેમી અને ભોળા લોકોમાંજ હોયછે. આવા ભોળા લોકોને આપણા પ્રખ્યાત કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઈ

સી. આઈ. ઈ. નીચે પ્રમાણે બોધ કરેછે.

દોહરો.

ભોળાજન વિદ્યા ભણી, વ્હેમ તજી વખણાય;
વ્હેમી ના સહવાસથી, વળિ તે વ્હેમી થાય.

મનહર છંદ.

કોગળીયું ચાલ્યું તેતો ભંગિયે ચલાવ્યું કહે,
મોટા એ તો મૂર્ખ કારભારિયો કુઢંગિયા;
વાંક વિના ભંગિયાને મારીને ભગાડી મુકે,
પશુ જેવા પોતે કાંતો વડાછે વિહંગિયા;
સંહારવા શત્રુ શસ્ત્ર પોતાને સજાવાં પડે,
શસ્ત્રવિના શત્રુ મારે, ભંગિયાકે ફંગિયા;
સર્વ કારભાર એનો સોંપો ભંગિયાને ભાઇ,
ભોળા કારભારીઓથી ભલા ડાહ્યા ભંગિયા.

માટે દરેક સમજુ માણસોએ એવા વ્હેમના વમળમાં નહીં પડતાં એ દુષ્ટ અને ભયંકર રોગ થવા ન પામે એવા ઉપાયોની શોધ ખોળ કરવી જોઈએ. કેમકે

"રોગને મટાડવા કરતાં તેને ટાળવાના ઉપાયો

કામે લગાડવા એ સર્વોત્તમ છે. અને જ્યારે એવા ઉપાયો દરેક પ્રજા મનન પૂર્વક પાળશે અથવા તો રાજા મહારાજા કે, સરકાર દરબાર મનન પૂર્વક પળાવશે તોજ આ પલિત રોગનો અટકાવ થશે. અને આપણે આપણું ઉતમ રક્ષણ કરી શકીશું.

ત્યારે તે દુષ્ટ રોગને અટકાવ કરનારા કારણો ક્યાં ક્યાં છે? અને તે કેમ અને કેવી રીતે પાળવા જોઇએ! તે વિષે આ વિષયના બીજા ભાગ તરફ વાંચનારનું ધ્યાન ખેંચવાની વિનંતી કરી આ ભાગ ખતમ કરીએ છીએ.

પ્રથમ ભાગ સમાપ્ત.

કૉલેરાના ઉપાયો

ભાગ ૨ જો.

કૉલેરા થવાના મુખ્ય મુખ્ય કારણો અને તેને દુર કરવાના ઉપાયો.

આતો ખરૂં છે કે આવું દરદ થવાના કાંઈ પણ કારણો હોવા જોઇએ, પરંતુ તે કયા કયા વાસ્તવિક કારણોથી થાય છે, તે હજુ ચોકસ થયું નથી. તો પણ આટલું તો ખરૂં છે કે, તેનું જોર ગરમીના વખતમાં વિશેષ જોવામાં આવેછે; અને વરસાદના દહાડામાં પણ થઈ આવેછે, એટલું જ નહીં પરંતુ કોઈ કોઈ વાર તો શિયાળાની રૂતુમાં

પણ જોવામાં આવેછે. પરંતુ આ છેલી વખતમાં કોઈ કોઈ વાર જ જોવામાં આવેછે પણ ગરમી અને વરસાદના વખતમાં તો તે વિશેષ થઈ આવે છે. તેથી કૉલેરા વિષે કેટલાકનો મત એવો છે કે એ રોગ ઉત્પન્ન કરનાર કોઈ પણ ઝેરી વસ્તુ હોવી જોઇએ, અને કેટલાકનો મત એવો છે કે એ રોગના બારિક જંતુઓ થાયછે; અને તે એવા તો ઝીણા છે કે એક સાદી આંખે એકદમ જોવામાં આવતા નથી. આવા પરમાણું પાણી અને હવા મારફતે શરીરમાં પ્રવેશ કરેછે. અને શ્વાસ નળી ઉપર જઈ બેસે છે; અને પછી એ રોગના પ્રકોપનું કારણ થઈ પડે છે, પણ અર્વાચિન કાળમાં અનુભવ ઉપરથી આટલું તો સિદ્ધ થયું છે કે, કોઇ પણ પ્રકારની ગંદકી, ગલિચી કે અસ્વચ્છતાથી, વાશિકે સડેલો ખોરાક ખાધામાં આવવાથી, કોહાયેલી વનશપતિઓ, ચાંહેલી કેરીઓ, તરકારી, તરબુચ, સકરટેટીઓ, સડેલી માછલીઓ, કાચું કે ધણા દીવસનું ગોસ, અતિશય ગંદકી, શડેલો મેવો કે મીઠાઈ, અને સંડાશ, ખાળો, ગટરો, મોરીઓ કે ટાંકા સાફ નહીં રાખવાથી તેમાંથી

ખરાબ હવાનો પ્રચાર થતાં આ રોગને વધારે ઉત્તેજન મળેછે. ગામ કે શેહેરના કુવા કે તળાવનું અસ્વચ્છ પાણી પીધાથી પણ આ રોગ ફેલાવાનો વધારે સંભવ રહેછે. અને એ પ્રમાણે જે જે ઠેકાણે બનેલું હોયછે તે તે ઠેકાણે તે રોગ પછી ઘર ઘાલેછે; એટલું જ નહીં પરંતુ તેનો ફેલાવો થઈ સંખ્યા બંધલોકોને તે બાઝી પડે છે. વળી આવું પાણી પેટમાં ગયાથી જેને એ દરદ થયુ હોયછે, તેને ઉલટી ઘણી જ સખત અને જોરમાં થઈ આવેછે. ખાળકુંડીઓ વિગેરેના ખરાબ પાણી જમીનમાં જાયછે. પરંતુ જમિન છિદ્રવાળી હોવાને લીધે નીચેની આસપાસની જગોમાં પ્રવેશ કરી કોઈ નજીકના કુવા કે તળાવમાં જઇને તે પાણીને ખરાબ કરેછે, અને પછી તે પાણી જેના પીવામાં આવેછે, તેને એ રોગ થઈ આવેછે. કેમકે ગટરમાંથી એક જાતની બાફ નીકળે છે તેને લીધે કરીને સારા પાણીને ખરાબ કરેછે. અને એ પાણી જેના પીવામાં આવેછે તેને પછી અતિશય નુકશાન કરેછે. વળી કૉલેરાથી સપડાયલા માણસના ઝાડા અને ઉલટીમાં રહેલા પદાર્થ કેટલેક દરજે

આ રોગ ફેલાવવાના કારણુ ભુત થઇ પડે છે. આ પદાર્થ એવા તો ઝેરી હોય છે કે તે જેના પેટમાં જાયછે તેને પછી અવશ્ય એ રોગ થયા વગર રહેતો નથી. વળી કેટલીક વખત તો એ રોગ ઘણી સ્વચ્છ જગોએ પણુ જોવામાં આવેછે અને એવી ગલીચીવાળી જગોમાં હોતો નથી આમ અપવાદ છે તથાપિ આટલું તો ખરૂં છે કે એવી સ્વચ્છ જગોમાં કોઇકિવાર અને થોડી મુદત જેવામાં આવે છે પરંતુ ગલીચીવાળી જગોમાં જો તે થાય છે તો પછી કેમેકરી બંધ પડતો નથી અને ફેલાવો પામે છે. વળી કેટલીક વારતો એ રોગનું ઝેર એક જ જગો એ ઘણો વખત સુધી સુસ્ત પડી રહેછે અને પછી હવા, ગરમી, કોહોવાટ કે બીજા એવાં જ કારણોને લીધે એ રોગ પાછો ફાટી નીકળેછે. માટે હમેશાં પેહેલે દરજ્જે કૉલેરાના દરદીના ઝાડા અને ઉલટીની પાકી સંભાળ રાખવી જોઇએ. કેમકે આવી સંભાળ નહીં રાખવાથી કેટલીક વારતો જેના ઘરના એકાદ માણસને એ રોગ થઈ આવ્યો તો પછી વખતે તેના ઘરના બીજા માણસને પણુ એ રોગ થઈ આવ્યા વગર રહેતો નથીવળી કેટવીકવાર

તો એવા કારણોને લીધે આખા કુટુંબને પણ લાગુ થંવાના દાખલા બનેલાછે, એ વાત એટલા ઉપરથી સિદ્ધ થાયછે કે એ રોગવાળા દરદીની દવા દારૂ કરનાર ડાકતર કે વૈદ્યને એ રોગ બિલકુલ થતો નથી તેથી ખુલ્લું છે કે દરદીની સારવાર કરનાર વૈદ્ય કે દાકતરો દરદીની પાસે રહેતી વખતે તેના ઝાડા ઉલટી કે બીજા કારણોને દુર કરવાની તેઓ બહુ કાળજી રાખેછે. માટે કૉલેરાના દરદીના ઝાડા અને ઉલટીની પાકી સંભાળ રાખી નીચે પ્રમાણે વ્યવસ્થા કરવી જોઇએ.

કૉલેરાના દરદીના ઝાડા ઉલટી ઇત્યાદિની સંભાળ તથા સારવાર કરવાની રીત.

૧–કૉલેરાના દરદી પાસેની હવા સાફ નહીં રાખવાથી એ દરદનું જોર વધેછે અને ફેલાવો થાય છે માટે પ્રથમ તો એ દરદીને સારી હવાવાળા મકાનમાં રાખવો.

૨–ઘણા માણસોએ તેની પાશે બેસવું નહીં. કદાપિ તેની સારવાર કરવામાં એક કરતાં વધારે માણસોની જરૂર જણાય તો થોડીવાર રહી પાછા ખસી જવું કેમકે ઘણા માણસો એકઠા થવાથી એક

બીજાના શ્વાસને લીધે હવા બહુ ખરાબ થાયછે.

૩-કૉલેરાના દરદીનો ઝાડો કે ઉલટી જમીન ઉપર પડવા દેવો નહીં પણ એક ઠામ કે વાસણમાં ઝીલવો અને એ વાસણમાં પ્રથમ નીચેની દવાઓમાંથી જે હાજર હોય તે નાખવી.

"કોંડીસ સોલ્યુશન" નામનું લાલ પાણી આવે છે તેનો એક ભાગ લેઈ ૫૦ ભાગ પાણી સાથે મેળવી ઝાડા કે ઉલટીના વાસણમાં, અગાઉથી રેડવું. "બ્લીચીંગ પાઉડર" આ નામની એક ભુકી આવેછે અને તે સસ્તી હોય છે માટે તે પણ નખાયછે તથા "મેકડુગાલ્સ ડિસઇનિ ફેકટીંગ પાઉડર" એની ભુકી લઇ તેમાં પાણી નાખી વાપરવું એ ચીજો ન મળી શકે તે જગોએ,

૪-નત્રસાગર, ગંધક, ડામર, કિલ, કપુર અને ચુનો નાખવામાં હરકત મથી.

૫-કૉલેરાના દરદીના ઝાડામાંથી અથવા કેટલીક વારતો તેના સ્વાસમાંથી અને તેના શરીરમાં કે પસીનામાંથી ખરાબ ઝેરી હવા નીકળે છે. અને તેથી જે ઓરડામાં તેદરદી હોયછે તે ઓરડાની હવા બહુ બગાડેછે. તે હવાને સુધારવાના ઉપાયો.

૧–અરધાભાર કપુરને દસસેર પાણીમાં ચોળીને તે પાણી દરદીના ઓરડામાં અને કપડા ઉપર છાંટવું તેથી હવા સાફ થશે.

૨–અરધો શેર ચોખા પાણીને એક કાચના ઠામમાં લેઈ તેમાં તેટલોજ ગંધકનો તેજાબ નાખવો એટલે તેજાબ પાણી સાથે મળી જશે. પછી એક કાચ અથવા માટીના પોળા ઠામમાં પાશેર મીઠું નાખવું અને તેમાં તેથી બમણી ઉપરની મેળવણી નાખવી અને પછી તે ઓરડામાં તેને અરધાથી એક કલાક રહેવા દેવી. આ મેળવણી આપણી દમમાં જવાની હવાને બહુ સ્વચ્છ બનાવેછે. પણ ધ્યાનમાં રાખવું કે તે વાસણ પાસે ઘણો વખત સુધી મોહોડું રાખવું નહીં કેમકેતેમાંથી નીકળતી હવા શ્વાસમાં જાય તો અવગુણ કરેછે, વળી તે ઓરડો મોટો હોય તો એક બીજી રકાબી તેવીજ રીતે મુકવી. આથી દરદીને દમમાં લેવાની હવા ઘણી સ્વચ્છ બનશે.

૩–એક કાચની બાટલી લઈ તેમાં થોડા પાણી સાથે બે ચમચા મીઠું તથા ચાની બે ચમચી

જેટલું "ડયુટોસાઇડ ઑફ્લેંડ" નાખવું પછી તેમાં થોડે થોડે કરીને એક વાઇનગલાસ ભરી "સલફ્યુરિક ઍસિડ" નાખવું અને બાટલી હલાવ્યા કરવી પછી તેમાંથી એક રકાબીમાં નાખી ઘરમાં ખુલી રાખવાથી હવા તદન સાફ થઈ જશે.

૬–કૉલેરાના દરદીને ઝાડો આવવા લાગ્યો કે તે ઝાઝીવાર ઓરડામાં રહેવા દેવો નહીં. પણ તરત બહાર લેઈ જવો. અને લેઈ જતી વખતે પણ તે ઉપર ગંદકી દુર કરનારી ઉપર લખી ચીજો માંહેની જે મળી આવે તે તેના ઉપર નાખવી. ધ્યાનમાં રાખવું કે એ ઝાડાની બાસ લઈ જનાર માણસના શ્વાસમાં જાય નહીં.

૭–કૉલેરાના દરદીનો ઝાડો કે ઉલટી ધ્યાનમાં રાખવું કે જે વાડો કે પાયખાનું બીજા માણસો ના વાપરવામાં આવતું હોય તેમાં બીલકુલ નાખવો નહીં તેમજ તળાવ, કુવા, નદી કે બીજા વેહેતા પાણીમાં પણ નાખવો નહીં; કેમકે તે પાણી બગડવાથી મોટી ખરાબી થાયછે. માટે એક એકાંત જગોમાં ખાડો ખોદી તેમાં દાટી

દેવો જોઇએ કાંકે ખુલ્લો રહેવાથી તેમાંથી ઘણીજ ખરાબ હવા નીકળે છે અને તેથી એ રોગનો જલદી ફેલાવો થાય છે.

૮–કૉલેરાના દરદીના કપડા ઝાડા કે ઉલટીથી ખરડાયેલા હોય તે તુરત બદલી નાખવા અને બીજા સ્વચ્છ પેરાવવા અને તે કપડા ઉપર "ઊપર કહેલું કોંડીસ સોલ્યુશન" અથવા ઉપરની ચીજોમાંની જે મળી આવે તે ભભરાવી ને બહાર લેઈ જવાં અને ખરી રીતે તો બાળી નાખવા પરંતુ કોઇને આપવા હોય કે ઉપીયોગમાં લેવા હોય તો નીચે પ્રમાણે સ્વચ્છ કરીને પછી લેવા.

૧–"કલોરાઇડ ઓફ લામ"ને પાણીમાં મેળવી તે પાણીથી કપડામાંની ખરાબ વાસ દુર કરવા સારૂ ધોવાં અથવા

૨–" કપુર " ને એક પાણીના હાંડામાં ચોળીને તે પાણીવતી ધોવાં અથવા

૩–તેમાંની એકે ચીજ મળે નહીં તો છેવટ છણુ છણુતા પાણીમાં બારી સાબુવતી ધોઇને સાફ કીધા બાદ ઉપયોગમાં લેવા ગરમ પાણી-

માં થોડો "નવસાગર" નાખવાથી કપડા ઊપર રહેલા બારિક જંતુઓ તત્કાળ નાશ પામે છે.

૯–કૉલેરાના દરદીનો ઝાડો કે ઉલટી જો જમીન ઉપર થયા હોય તો તે જમીન તુરત સાફ કરી નાખવી અને તે ઉપર ચુનો અથવા છાણ ભુંશી દેવું.

૧૦–કૉલેરાના દરદીને સુવાના ઓરડામાં ચુનો ધોળવો અથવા છાંટવો.

૧૧–કૉલેરાના દરદીના ઝાડા અને ઉલટી લઈ જનાર માણસે અથવા તેના સબંધમાં આવનાર માણસે પોતાના હાથ ગંધકી દુર કરનારી ચીજો અને સાબુવડે ધોઈ સાફ કીધા પેહેલા મોંને અડવા દેવા નહીં.

૧૨–કૉલેરા વિષે કેટલાક નોમત એવો છે કે કૉલેરાનો રોગ ચેપી છે અને તેથી કોલેરાના દરદીને જોવા જવું એ જોખમ ભરેલું છે અને કેટલાકનો મત એવોછે કે એ રોગ ચેપી નથી એ બેમાંથી ગમે તે ખરૂં હોય તથાપિ કૉલેરાના દરદીને સારવાર કરવાને માટે રહેતા માણસોમાં એ રોગ થયાના દાખલા લેશું તો ઘણા જીુજ અને

અજ્ઞાનતાને લીધે થયેલાજ જણાશે. તેથી જણાય છે કે એ રોગ ચેપી નથી પણ ચેપી જેવોતો છે. માટે એ રોગીના સબંધમાં જતી વખતે "કપુર" ઇત્યાદિ દુર્ગંધી દુર કરનારી ચિજો પાસે રાખવી એ વધારે ફાયદા કારક છે.

૧૩–વળી કેટલાક તો એવા ઝાડા અને ઊલટી જ્યાં નજીકમાં કચરો કે ધુળ એકઠી થઈ હોય છે ત્યાંજ બે દરકારપણે ફેંકી દેછે અને પછી તે-માંથી હવા કે ગરમી અગર બીજા કારણોને લીધે હવા મારફતે તેના જંતુઓ શ્વાસમાં જઈ ફેફસાંમાં અને શરીરમાં શેવાઇને પ્રકોપનું કા-રણ થઇ પડે છે. માટે એવા દરદીના ઝાડા અને ઉલટીની પાકી સંભાળ રાખવી જોઇએ.

ઉપર કહ્યું તેમ કૉલેરાનો દુષ્ટ રોગ ગલિચ્ચી અને ગંદકીથી ફેલાયછે તો પછી તેને દુર કરવાના ઉપાયો કામે લગાડવા એ વધારે ઉત્તમ છે કેમકે રોગ થયા પછી મટાડવાના ઉપાયો કરતાં એ રોગ થાય જ નહિ તેવા ઉપાયો અતિશ્રેષ્ટ ગણાય છે અને જો તેમ છે તો પછી જ્યાં સુધી બની શકે ત્યાં સુધી તો એ રોગથી આપણું રક્ષણ

કરવું જોઇએ. માટે નીચેના નિયમો ધ્યાનમાં રાખવા.

કૉલેરાનો અટકાવ થવાના નિયમો.

૧–કૉલેરાના વખતમાં ઘણીજ સાવચેતિઓ રાખવી જોઇએ તળાવ કે કુવાનું અથવા નદીઓનું પાણી પીવું એ જોખમ ભરેલું છે. કેમકે નદીયો કે બીજી જગોએ કે જ્યાં ચાલતુ પાણી હોય છે ત્યાં પાણી ખરાબ હોયછે. તે કરતાં કુવાનું કાંઇક ઠીક હોય છે પણ તે કાંઈ બધે ઠેકાણે હોતું નથી. માટે એવા વખતમાં તમામ પાણી સ્વચ્છ કરીને વાપરવું જોઇએ. વળી તમે જે કુવા તળાવ કે નદીનું અથવા ટાંકાનું પાણી વાપરતા હો તે દીઠામાં સ્વચ્છ અને ચોખું લાગતું હો તોપણ તેની અંદર રહેલા બારિક શુક્ષમો (જંતુઓ) માણસની સાદી આંખે એકદમ નજરે પડતા નથી. પરંતુ તેને "સુક્ષમદર્શક" યંત્રવડે જોયા હોય તો જણાઈ આવેછે. પણ તે યંત્ર બધે ઠેકાણે કાંઇ હોતું નથી વળી આપણા દેશના ઘણા ખરા લોકો એક જાડા અથવા બારિક કપડાવતી પાણીને ગાળીને વાપરેછે ખરા પણ તેથી પા-

ણીમાં રહેલા સુક્ષમ જંતુઓ જુદા પડતા નથી માટે નીચે લખ્યા પ્રમાણે પાણીને સ્વચ્છ કરીને વાપરવું જોઇએ.

૧–કુવા, તળાવ, નદી કે ટાંકામાંથી ચોખું પાણી લાવીને એક રેતી કોયલાકે કાંકરીથી ભરેલા ઠામમાં નાખવું અને એ ઠામને તળીએ બારિક છિદ્રો પાડવા તે નીચે એક કપડું બાંધવું અને નીચે એક ઠાલુ ઠામ મુકવું. પછી પેલા કાંકરીવાળા ઠામની ઉપર એક તળીએ કાણુવાળુ પાણીથી ભરેલું ઠામ મુકવું તેથી તે માંહેનુ પાણી પેલા કાંકરીવાળા ઠામમાં પડશે અને તેમાંથી ગળાઇને તેની નીચેના ઠામમાં પડશે તે ઘણું ચોખું પાણી પડશે પછી તેને વાપરવું. અથવા–

૨–પેલા માટીના વાસણને તળીએ ઝીણા છ સાત છીદ્ર પાડી તેના નીચે એક વાદળીનો કડકો અગવા ઝીણું કપડું બાંધવું અથવા તો એ બને વાના વાસણીની અંદર છિદ્રો ઉપર મુકી તે ઉપર બે આંગળ રેતીનો અને બે આંગળ કોલસાનો એ રીતે વાસણ ભરાય

ત્યાં સુધી થર કરવા અને તે પેલાખાલી વાસણ ઉપર મુકી તેમાં પાણી નાંખવું કે જેથી તે ચોખું થઈ ગળાઇને નીચેના વાસણમાં પડશે. અથવા,

૩–તેમ બની શકે નહિ તો પાણીના ઠામો ભરી રાખી કોયલાની ભુકી સણના કપડામાં ભરેલી કોથળીઓ કરવી અને એક દોરડાવતી પેલા પાણી ભરેલા ઠામમાં ટાંગવી તેથી થોડાજ વખતમાં પાણી તદન નિતરૂં થઈ જશે. અને તેમાંનો સઘળો ખરાબ વાસ દુર થશે. કોથળીઓ ત્રણથી ચાર ઇંચની કરવી અને એક કોથળીથી બસ થાય નહિ તો વધારે ટાંગવી મતલબકે કોયલો પાણીના વધતા ઓછા પરમાણમાં લેવો જોઇએ અથવા,

૪–પાણી ગાળવાનું વિલાયતી વાસણ આવે છે જેને " ફીલટર " કહે છે તેમાંનું એક રાખવું અને તેમાંથી પાણી ગાળીને વાપરવું અથવા,

૫–તેમ પણ બની શકે નહિ તો એક હાંડા પાણીમાં ચમચી ફટકડી નાખી હલાવવું અને

આઠ કલાક ઠરવા દેવું તેથી તેમાંનો સ-
ઘળો મેલ તળીએ જઈ બેસસે ત્યારબાદ
ઉપીયોગમાં લેવું.

૬–છેલ્લે તેમ પણ બની શકે નહિ તો જે પાણી
પીવાના કામમાં આવતું હોય તેને ગરમ કરી
ખુબ ઉકાળવું અને ઠરવા દેવું ત્યારબાદ વા-
પરવું તે પાણી ડોળું હોય તો તેમાં પણ
ફટકડીની ભુકી નાખવી તેથી તેનો તમામ
કચરો તળીએ જઈ પાણી ચોખું બનશે.

૨–એ રીતે પાણી સ્વચ્છ કરી વાપરવાના નિયમો
ધ્યાનમાં લીધાબાદ હવા સુધારવાના ઉપાયો કામે
લગાડવા. કેમકે એ રોગનો ફેલાવો થવાના
મુખ્ય સાધન ખરાબ પાણી અને ખરાબ હવા
જ છે માટે હવાને નીચે પ્રમાણે સુધારવી.

૧–હવાનું ઝેર સુધારવાનો અકસિર ઉપાય એક
શોધક એવો બતાવેછે કે રૂશીયન ટરપીન-
ટાઈન તેલ તથા ચોખું પાણી સરખે ભાગે
લઇ કાદવની બનાલેલી મોટી કોઠીમાં ભરવું
બાદ તે કોઠી ગરમ પાણીમાં રાખવી અને
તેમાંથી ૩૦૦ કલાક સુધી હવા નીકળવા દેવી

તેથી તરપીનટાઈનના ભાગો છુટા પડે છે. ત્યારબાદ તે નિતરા પાણીનું મિક્ષચર સુકવવાથી તેની ભુકી બને છે. એ ઉપીયોગમાં લેવી ઉપરના મીક્ષચરમાંથી નીકળતી હવા સ્વાદ કે સુગંધીમાં નુકશાન કરતી નથી.

૨–" કલોરાઈડ ઓફ્લામ" પાણી સાથે ભેળવી તે પાણી ઘરની દીવાલો ઉપર છાંટવાથી હવા સાફ રહે છે. એ પાણીથી કૉલેરાના દરદીના કપડા પણ ધોવાય છે. અથવા

૩–મી. ગોવીંદરાઓ ક્રિષ્ણા નિંબકર કૉલેરા ફેલાતો અટકાવવાના ઉપાય તરિકે બતાવે છે કે એક હાંડા પાણીમાં ચાર તોલા કપુરની પોટકી બાંધી તે પાણીમાં ત્રણ દીવસ રાખવી ત્યાર બાદ પોટકી કહાડી લેઈ તે પાણી ઘરની દીવાલે, ગટરે, ખાળો, કે મોરીમાં છાંટવું તેમજ ઘરમાં અને ફળીમાં છાંટવું તેથી હવામાંના ઝેરી જંતુઓ નાશ પામશે. અને કોલેરા આગળ વધતો અટકશે. ઉપરની પોટકી રાખવાને બદલે હાથેવતી કપુરને પાણીમાં ચોળી નાખવાથી એ પાણી તુરત

તઇયાર થશે. અથવા

૪–તેમ બની શકે નહીં તો કળીચુનો ઘરની દીવાલોએ છાંટવો તેથી પણ હવા સાફ રહેશે. અથવા

૫–ગટર પાઊડર, હીરાકસી અને ચુનો ઇત્યાદિ વસ્તુઓ ઘરની દીવાલો ખાળો ગટરો અને ફળી કે ચોકમા અથવા ભેજવાળી જગોમાં છાંટવાથી હવા સાફ રહેશે.

૩–ઘરબાર શેરી અને ચોક સાફ રાખવા તથા ખાળો, ગટરો, મોરીઓ, ટાંકા કે પાયખાના સાફ રાખવા અને તેમાં ઉપર બતાવેલી હવા સુધારનારી ચીજો છાંટવી.

૪–ઘરમાં અને ફળીમાં અથવા ચોકમાં સવારસાંજ ગંધક, લોબાન, કિલ, ડામર, અગરબતી કે કપુર ઈત્યાદિ બાળવા લોબાન કપુર કે ગંધક અગ્નિમાં નાખી બાળવા કરતાં એક તપાવેલા લાલચોળ તાવેથા ઉપર મુકીને બાળવાથી તેમાંથી ધુપ વધારે નીકળશે. અને અગ્ની બાળવાથી થોડા ધુપે વધારે બળી જશે ગંધકનો ધુમાડો નાકમાં જાય નહીં તેની સંભાળ રાખવી.

૫–શરીર અને કપડા સાફ રાખવા તથા કોઈ જાતની ગંદકી રાખવી નહીં કેમકે ઘરની નજીક ઉકરડો કોહાયેલી વનસપ્તિ,વાશી કે સડેલું ખોરાક કે બીજી એવી ચીજો એકઠી થવાથી ગરમી, ભીનાશ કે બીજા કારણોને લીધે તેમાંથી ઘણી ખરાબ અને ઝેરી હવા નીકળે છે અને પછી એ રોગને જાગ્રતી મળેછે માટે ટુંકામાં કોઈ પણ પ્રકારની ગંદકી રાખવી નહી.

૬–અતીશય તાપ ખાવો નહીં, બહુ મેહેનત કરવો નહીં. કેફી વસ્તુઓ ખાવી નહી અતિશય વિષય ભોગ, અતીશય આળસ, અતિશય ભુખ, અનેસવારમાં ઠારમાં ખુલું સુવાનુ એ સર્વ તજવુ મતલબ કે નિયમસર વરતવું.

૭–વાશિ કે શડેલો ખોરાક, કોહીગયેલી વનશપ્તિ, કે મેવા મીઠાઈથી દુર રહેવું તેમજ ચાંદેલી કેરીયો, ટાઢાં અનાજ, સડેલો માંશ, માંછલીઓ, ઉતરેલાં કેળાં, તરબુચ, પોપૈયા તરકારી વીગેરે કાચું કોરૂં ખાવું નહીં.

૮–કોઠાની અગ્ની પ્રબળ રાખવી તાણીને જમવું નહીં તેમાં વળી રાત્રે તો બીલકુલ વધારે ખાવું

નહીં, સવાર સાંજ ચોખી હવામાં ફરવા જવું.

૯–વીવા કે કારજ કરી ઘણા માણસોએ એકઠા મળી મીષ્ટાન જમવા નહીં અને મેળા કે યાત્રાઓમાં ઘણા માણસોએ એકઠા થવું નહીં કેમકે ઘણા માણસોનો જમાવ થવાથી તેમજ ભારે ખોરાક ખાવાથી એ રોગની ઉત્પતિ વધારે થઈ આવે છે.

૧૦–કૉલેરાના દરદીના ઉલટી ઝાડા કે શ્વાસનો સ્પર્શ લાગવા દેવો નહીં તેમજ તેવા પદાર્થો બીજાના ખાવા પીવાના પદાર્થો સાથે શેળભેળ થાય નહીં તે બાબત પુરી સંભાળ અને કાળજી રાખવી અને તેવા દરદીની ચાકરી કરનારાએ પોતાના હાથ ધોઇને પછી મોમાં ઘાલવા,

૧૧–કૉલેરાના દરદીના ખાવા પીવાના વાસણો બીજાએ વાપરવા નહીં, છતાં વાપરવા પડે તો નીચેની દવાઓથી સાફ કરીને પછી વાપરવા.

૧–સલફેટ આયર્ન..............૧ આંઊસ.
કાર્બોલિક ઍસિડ.............૧/૪ ,,
પાણી.......................૧ પાઇંટ.

મિશ્ર કરી વાસણને લગાડવી અને પછી સાફ કરવા. તે હાજર ન હોય તો–

૨–એ વાસણો અગ્નિમા નાંખી લાલચોળ કરી ઠરવા દઈ સાફ કરીને પછી વાપરવા.

૧૨–કૉલેરાના દરદીને જોવા જવાની જરૂર પડે તો કપુર ઇત્યાદિ વસ્તુઓ પાસે રાખવી.

૧૩–કૉલેરાના વખતમાં કેટલાક માણસો ભયભિત રહે છે માટે કોઈ જાતનો ભય રાખવો નહીં કેમકે ધાસ્તી રાખવાથી માણુસ મરકીને સ્વાધિન થાયછે. યાદ રાખજો કે ધાસ્તીએ મોતનો મોટો મિત્રછે કાંકે જેઓ એ રોગની બિકમાં ને બિકમાં હમેશાં ફર્યા કરેછે, તેઓ તેને હાથે કરીને તેડું કરેછે. કેમકે બિઈ બિઇને તે નહીં રોગનો રોગ પેદા કરેછે. એવી રીતે બિકણા માણુસો હજાર મોતે મરેછે; પણ એક હિમત વાન માણુસ એક મોતને આધિન થતાં પણ વાર લગાડેછે. માટે એવા વખતમાં ભયભિત થવું નહીં. વળી કેટલાક લોકો તો એ રોગ જયાં ચાલતો હોયછે ત્યાંથી જીવ લેઇને નાસી જાય છે. પણ જયાં જઈએ ત્યાં એ રોગ નહીં જ થાય

એની શું ખાત્રી? માટે બેહેતર તો એ જ કે એવા વખતમાં હીમ્મત રાખવી. અને ગભરાવું નહીં.

૧૪–એ પ્રમાણે કૉલેરાનો અટકાવ કરનારા ઊપાયો કામે લગાડવા; પણ એ બધા નિયમો પાળનારા ઘણા થોડાજ મળી આવશે, માટે સર્વ મનુષ્યો મનન પૂર્વક આ નિયમો પાળે એવા સરકારે અથવા રાજા મહારાજા કે અમીર ઊમરાવોએ ધોરણો ઠરાવવા જોઇએ. અથવા તો એવા નિયમો પાળવાનો બોધ કરનાર માણસો રાખી પ્રજા મનન પૂર્વક પાળે તેવી સમજુતીઓ કરવી જોઇએ. આમ થશે તોજ એ ભયંકર અને પલિત રોગથી આપણે આપણા અમૂલ્ય જિવિતનું રક્ષણ કરી શકીશું માટે એવા ઊપાયો કામે લગાડવા ઊપરાંત એ રોગ એક જણથી બીજા જણને એક ઘરથી બીજા ઘરને અને ટુંકામાં એક મોહોલામાંથી બીજા મોહોલામાં જઇને ખરાબી ન કરી શકે તેવા ઊપાયો દરેક મનુષ્યોલક્ષ પૂર્વક પાળે એટલા સારૂં આવા પુસ્તકો ઘેર ઘેર રાખવા જોઇએ.

૧૫–એ રીતે ગંદકી અને બહારની હવા સાફ ક-

રવાના ઉપાયો જોડે શરીર માંહે એ રોગ પ્રવેશ કરીજ શકે નહિ. એવા ઉપાયો કામે લગાડવા જોઇએ. માટે દરેક માણસે એ રોગ ચાલતો હોય તેટલા વખતમાં ઉપરના નિયમો પાળવા ઉપરાંત નીચેની દવાઓમાંથી જે દવા મળી આવે તેનું સેવન કરવાથી એ રોગ બિલકુલ થશે નહીં.

કૉલેરાના વખતમાં દરેક માણસોએ પીવાની દવાઓ.

૧–ઈંગ્રેજી દવાઓ.

૧ એ રોગ ચાલતો હોય ત્યારે નીચેની દવા સવાર સાંજ પીનારને એ રોગ થતો નથી; એમ અનુભવથી માલમ પડેલું છે.

સલફ્યુરિક ઍસિડ...........	૩૦ મિનિમ.
કાર્બોલિક ઍસિડ.............	૨ ,,
આકવા......................	૨ આંઉસ.

મિશ્ર કરી સવાર સાંજ એકેક આંઉસ પીવી તે સાથે મિતાઅહાર, તથા નિંદ્રા વિગેરેમાં નિયમસર રહેવું.

૨–કવીનાઇનના પિલ્સ(કવીનાઈનની ગોળીઓ.)

કવીનાઈન સલ્ફસ.............. ૨૪ ગ્રેન.
એક્સટ્રેટ જેનશન જોઇએ તેટલું મેળવી તેની ચોવીસ ગોળીયો કરી સવારસાંજ એકેકી લેવી.

૨–હોમિયોપેથિક દવાઓ.

૧–કેમ્ફર પિલ્સ. (કપુરની ગોળીયો.) સવારસાંજ લેવાથી તબયત સારી રહે છે. એ ગોળીઓ તૈયાર આવે છે.

૩– દેશી દવાઓ.

૧–ગંધક વટી.

શુદ્ધ ગંધક...૩ ભાગ	મરી........૧ ભાગ
સિંધવ......૧ ,,	પીપર.......૧ ,,
લશણ.......૧ ,,	શેકેલી હીંગ...૧ ,,
સુંઠ.........૧ ,,	જીરૂ........૧ ,,

એ બધાંને બારિક વાટી ખરલ કરી ગોળીયો કરવી અને તેમાંથી એકેક ગોળી સવાર સાંજ પાણી સાથે લેવી.

માત્રા. ૪ વાલ.

૨–હિંગાષ્ટક ચૂર્ણ.

શેકેલી હીંગ, જીરૂ, મરી, અજમો, પીપર, સીંધવ, સુંઠ અને શાહજીરૂ સરખે ભાગે લેઈ

તેનુ ચૂર્ણ કરવું, અને સવાર સાંજ ખાવું. તેથા કોઠાનો અગ્ની પ્રદિપ્ત રહેશે.
માત્રા. ૧૦ થી ૧૪ ગ્રેન. (ઘઉંભાર.)

૩-ભાસ્કર લવણ ચૂર્ણ.

પીપર........	૮તોલા.	મરી........	૪તોલા
પીપરીમુળ.....	૮ ,,	અજમો......	૪ ,,
ધાણા.........	૮ ,,	સુંઠ..........	૪ ,,
કાળીજીરી.....	૮ ,,	એળચી.....	૨ ,,
સિંધવ.......	૮ ,,	તજ.........	૨ ,,
બીડલોણ.....	૮ ,,	મીઠું........	૩૨ ,,
તાલીસ પત્ર....	૮ ,,	દાડમની છાલ.	૧૬ ,,
નાગ કેસર.....	૮ ,,	અમલવેત....	૮ ,,
સંચળ........	૨૦ ,,		

એ સરવેને બારિક ખાંડી એકત્ર ચૂર્ણ કરવું તે પછી છાસ દહીં અગર કાંજી સાથે સવાર સાંજ ખાવુંતેથી કોઠાના અગ્નિની વૃદ્ધિ થાય છે.

૪-લસણાદિ ચૂર્ણ...પૃષ્ટ (૫૪) જુઓ તે હમેશાં સવાર સાંજ ખાવાથી વાયુનો નાશ થાય છે.

૫-કૉલેરાના વિષયમાં આપેલી નં. ૪૬-૪૭-૪૮ વાળી ગોળીયો એકેક વાર દહીં સાથે લેવાથી

ફાયદો થાયછે.

કૉલેરાના વખતમાં દરેક માણસોએ પાસે રાખવાની દવાઓ.

૧–જ્યારે કૉલેરાનો રોગ ચાલતો હોય ત્યારે દરેક માણસોએ નીચે લખેલી દવાઓ એક યાદી સાથે પાસે રાખવી. કેમકે કૉલેરા એ એવો તો ઝેરી અને જોરાવર છે કે તેને એકદમ બંધ પાડવાના ઉપાયો ન કરવામાં આવે તો પાછળથી તેને મટાડવાના ઉપાયો કામે લાગી શકતા નથી માટે તેને તુરતજ ચાંપી દેવા સારૂ નીચેની દવાઓ પાસે રાખવી જોઇએ.

૧–ઇંગ્રેજી દવાઓ.

૧–કૉલેરા મિક્ષ્ચર.

સાલ વોલાટાઇલ.........૨૦ મિનિમ.
એસેન્સ ઑફ પેપરમિંટ...૧૫ ,,
લાડેનમ...(અફીણનો અર્ક) ૨૦ ,,
બ્રાંડી .... ½ ઔંસ.

ઉપરની સર્વ દવા મિશ્ર કરી તેમાં સમભાગ પાણી નાખી તૈયાર રાખવું.

૨–સ્ટ્રૉંગ સોલ્યુશન ઑફ ઍમોનિયા ...૪૦ મિ૦

એસેન્સ ઑફ પેપરમિંટ.....૩૦ ,,
લાડેનમ (અફીણુનો અર્ક) ૬૦ ,,
ફ્રેંચ બ્રાંડી.............. ૩ આંઉસ

બ્રાંડી ન ખપતો હોય તો ત્રણ આંઊસ મરચાંની ચા નાખવી.

૨—હોમીયો પેથીક દવાઓ.

૧—આર્સેનિક. ૨—વિરેટ્રમ અલબમ. ૩-કયુપ્રમ. ૪—કારબોવેજ અને કપુરના અરકની બાટલી એટલી દવાઓ યાદી સાથે પાસે અથવા ઘરમાં રાખવી. કપુરના અરકની બાટલી બીજી દવાઓથી તદન અલગ રાખવી કેમકે ભેળી રાખવાથી બીજી દવાઓ બગાડશે.

૩—દેશી દવાઓ.

૧—૧ વાલ હીંગ, ૨ વાલ મરચાં, ૪ વાલ લશણુ એમને સાથે પાણીમાં વાટી તેની ગોળીઓ બનાવી પાસે રાખવી અને ખપ પડે કે પાંચ ભાર દહીં સાથે કૉલેરાના દરદીને દર ૪ા કલાકે આપવી તે સાથે પેટ અને પગની પીંડી ઊપર રાઇ ઓ-

હ્યા કરવી.

૨–કપુર ૧ ભાગ, હીંગ ૨ ભાગ, મરી ૩ ભાગ અને લશણ ચાર ભાગ એ સરવેને બહુજ બારિક વાટી તેની ચણી બોર જેવડી ગોળીયો કરવી અને તે પાસે રાખવી. અને જરૂર પડે ઉપર પ્રમાણે દહીં સાથે પણ આપવી, તે સાથે રાઈ. ચોળવા ભુલવું નહીં.

૩–મોરથુથુ રતી ૧ અજમો તોલો ૧ એ બને બરાબર વાટી તેના ચાર પડીકા કરીને તેમાંથી અકેકું પડીકું દર અરધા કલાકે દહીં સાથે આપવાથી કૉલેરાનું ગમે તેવું જોર આસ્તે આસ્તે નરમ પડી જશે. અને આરામ થશે આ દવા દેતી વખતે પણ રાઇ ચોળવા ભુલવું નહીં.

ઊપરની દવાઓ કૉલેરાના વખતમાં સાંજ સવાર દહીં સાથે ખાનારને પણ કૉલેરા લાગુ પડી શકતો નથી.

વૈદ્ય મયારામ સુંદરજી.

એ પ્રમાણે કૉલેરાના વખતમાં માણસોએ સા-

વચેત રહેવું અને તે છતાં કોઇ દોષથી અથવા કર્મયોગે કરીને એ રોગ લાગુ થયો તો પછી તુરત આ નીચેના ચોથાં ભાગ ઉપર નજર કરવી. પણ તે પેહેલા આ પુસ્તકના ત્રીજા ભાગ ઉપર નજર કરવાથી વધારે ફાયદો થશે. કેમકે એ ભાગમાં એ રોગ થવાની અગમચેતીઓ જણાવી છે તેથી એ પ્રમાણે થાય કે તુરત ચાંપતા ઇલાજો લેવા જોઇએ.

બીજો ભાગ સમાપ્ત.

કૉલેરાના ઉપાયો.

ભાગ ૩ જો.

કૉલેરાનો રોગ લાગુ થવાની અગમ ચેતોઓ અને તેથી ચેતવાના ઇલાજો.

કૉલેરા એં શું દરદછે? અને તે કયા કયા વાસ્તવિક કારણોથી થાય છે? તે તો આપણે પેહેલા ભાગમાંજ જાણી ગયા; પણ તે રોગ થવા અગાઉ કાંઈ ચિન્હો જણાય છે કે નહીં ? તે વિષે પણ વિદ્વાનોમાં મત ભેદ છે. કોઇ કહે છે કે કોલેરા નામનો દુષ્ટ રોગ એવો તો ખરાબ છે કે માણસ એ રોગને સ્વપ્નામાં પણ જાણતો ન હોય, ભરનિંદ્રામાં સુતો હોય અને પાછલી

રાત્રે એકદમ તેના ગાત્ર ઢીલા થઈ ઝાડો શરૂ થવા માંડે છે, કોઇને અમુક વખતે પણ એ રોગ થાય છે. પણ અનુભવ ઉપરથી આટલું તો સિદ્ધ થયું છેકે ઘણું કરીને ખોરાકનો ફેરફાર અપચો રાતનો ઊજાગરો, શરદી અથવા ગરમી અથવા બને, માનસિક ચિન્તા, અથવા તો કોલેરા વાળા દરદીના મળમુત્ર ધોયેલા પાણીને પીવામાં આવી ગયાથી અથવા એવાજ કોઇ બીજા કારણથી એ રોગનો પ્રવેશ થયેલો માલમ પડશે કેમ કે આપણા દેશના ઘણા ખરાલોકોની આદત ઘણી અસ્વચ્છ હોય છે. તેથી કૉલેરાવાળા દરદીના મળમુત્ર અથવા ઝાડા ઉલટીની બરાબર બ્યવસ્થા થઈ છે કે નહી તે વિષે કાંઈ પણ વિચારકે દરકાર રાખતા નથી. અને ગમે ત્યાં ફેંકીદે છે. કોઇ તો શેરી કે ચોકમાં ફેંકી દેછે અને તેથી તે રોગના ઝેરી શુક્ષ્મો ધુળ સાથે મળી જઇ હવા મારફતે સ્વાસમાં જાય છે અને પછી એ રોગનો ફેલાવો થાય છે એવા એવા કારણોથી એ રોગ થઈ આવે છે તે બધા કારણો જલવાઇ શકવા એ જવલ્લેજ બને છે તેથી કેટલાક તો એ

રોગ ચાલતો હોય ત્યારે બીજી બધી સંભાળ મુકી દઇને એક ઇશ્વર ઉપર આસ્તા રાખે છે. અને ભવિષે જે બનવું હશે તે બની આવશે એમ સમજે છે. પણ એ સમજવું તેમનું ભુલ ભરેલુંછે દાખલા તરાકે કોઈ માણસ જાણી જોઇને અફીણ કે ઝેરી ચિજ ખાશે તો શું નહીજ મરે ? બેશક મરશેજ માટે આપણે એમ સમજવું કે બેદરકારી રાખવાથી એ રોગ થઇ આવશે તેથી તેને નાબુદ કરવાના હરકોઈ ઉપાયો કામે લભાડવા જોઇએ.

હવે આપણે કૉલેરાની આગમચેતીઓ તપાસીએ.

૧– તંદુરસ્તીમાં પેહેલવેલો કાંઈ પણ બિગાડ થાય એટલે શરીરમાં આળસ ભરાય શરીર સુસ્ત રહે અને કસ મોડાય છે.

૨– કોઇને પેટમાં અપચા જેવું લાગે અને પેટ જરા જડયા જેવું લાગે એક બે પાતળા ઝાડા આવે.

૩– કોઇને મોઢામાં કડવાસ લાગે મોળ છુટે અને ઉલટ આવે કોઇને પેટમાં ગડબડાટ થાય છે.

૪–કોઇને શેજશાજ પેટમાં દુઃખાવો વરતાય અને ખાટા ઓટકાર આવે.

ઉપરના લક્ષણો કેટલાકને જણાય છે અને

કેટલાકને વખતે જણાતા નથી પણ એકંદરે એ-કાદ લક્ષણ થાય ખરૂં પરંતુ પેટમાં ખળભળાટ તો ઘણા ખરાને જણાયા વગર રહેતો નથી માટે એવા લક્ષણો જણાય કે તુરત તેના ચાંપતા ઇ-લાજો કામે લગાડવા ચુકવું નહિ. કાંકે “ પાણી-પેલાજ પાળ કરવી ” એ વધારે ઉત્તમ છે. માટે એવા વખત ચાલતો હોય ત્યારે બીજા ભાગમાં લખેલી દવાઓનો તાબડતોબ ઉપીયોગ કરવો. ધ્યાનમાં રાખજો કે સમય સુચકતા વાપરવાથી મા-ણુસ બચી જાયછે

કેટલાક માણુસો એ ચિન્હો માંહેના થોડા અ-થવા ઘણા વરતાય છે તોપણ કાંઈ દરકાર કરતા નથી, અને કેટલાક તો એવા લક્ષણોને બીજા સાધારણ પ્રકારના મરજના ગણી કાઢેછે અને પછી જ્યારે સપડાઇ જાયછે ત્યારે જ તેઓ ગાભરા બની જાય છે. અને અનેક ઉપાયો કરવા લાગે છે. છતાં તેમાં તેઓ ભાગે જ ફતેહ પામે છે.

ભાગ ૩ જો સમાપ્ત.

કૉલેરાના ઉપાયો.

ભાગ ૪ થો.

કૉલેરા લાગુ થયા પછીના લક્ષણો અને તે લક્ષણોને લગતા દરેક અકસિર જણાયલા દેશી, ઇંગ્રેજી, હોમિયો પેથિક અને વનસ્પતિ ઇત્યાદિના ઉપાયો.

કૉલેરાએ એવો તો ઝેરી અને જોરાવર રોગ છે કે તે જેને વળગ્યો તે માણસ પછી શું આદમી કે શું ઓરત શું બાળક કે શું યુવાન ગમે તેવો કદાવર જોરાવર, કે ઘણા વરસ જીવી શકે

તેવો હોય તથાપિ તે થોડા જ કલાકમાં અથવા તો થોડી જ મિનિટમાં તવાઇ જાય, લેવાઈ જાય, ચીમડાઈ જાય અને તેના સઘળા ગાત્રો ઢીલા ઢફ થઇ જાય, તે ઘડી પેહેલા તો કદાવર અને જોરાવર હતો અને ઘડી પછી તો તે મોતની પથારીએ પડેલો તદન સુસ્ત અને ગાભરો બની જાય; અને ટુંકમાં કહીએ તો એ રોગ જ્યારથી લાગુ થયો કે ત્યારથી જ તેની સંસાર માંહેની સઘળી ઉમેદો અને આશાઓ તેનાથી તદન છુટી પડી જશે. અને મોતમાંથી બચવાની આશા રહેશે નહિ. એટલું જ નહિ પરંતુ જ્યારે એવો વખત આવે ત્યારે તેના સગાવાલા કે સબંધીયો પણ તેની છેલી પળની જ વાટ જોતા બેઠા હશે, ટુંકમાં તેની બચવાની આશા તદન બે વિશ્વાસમાં આવી જશે પણ સમજુ માણસો હીમત રાખી આવી આફતમાંથી બચવાનું જ ધ્યાન રાખશે અને ખચિત તે તેમાંથી પાર પણ ઊતરશે. માટે પ્રથમ તો હીમત એજ એ રોગને હઠાડ નારો અકસિર ઉપાયછે. માટે હિમત રાખી આ નીચે લખેલા ઊપાયો તુરત કામે લગાડવા.

ચિન્હો–કૉલેરાના દરદીને આપણે જોઇશું તો તેને નીચે લખેલા ત્રણ પ્રકારના ચિન્હો પેહેલેથી છેલ્લે સુધી થતાં માલમ પડશે.

(૧) ઘણું કરીને દરદી રાતમાં ઊંઘતો હશે તેમાંથી એકદમ જાગી ઊઠશે કેમકે તેને ઝાડાની હાજત થશે અને પછી ઉલટી શરૂ થશે.

(૨) ઝાડા અને ઊલટી સાથે પેટમાં પગમાં અને હાથમાં ગોટલા ચડશે પેટમાં ગોળા વળશે. પેશાબ થતો બંધ પડેછે. શરીર ઠંડુ પડી કાળાશ મારે છે. નાડીમંદ પડી જઈ બેચેન થઈ દરદી મૃત્યુને આધિન થયેલો જણાશે. તરશ બહુ લાગે ઝાડો કાંજીના પાણી જેવો અથવા ચોખાના ધોવણ જેવો આવવા લાગે આંખમાં ખાડા પડે અને સન્યાયુ ખેંચાઇને કઠણ લાકડા જેવી થઈ જશે.

(૩) આ વખતે તે મોતના ઝપાટામાંથી સા-સભાગ્યે બચિ જાય તો પછી સખત તાવ આવે છે, અને આ ભયંકર રો-

ગમાંથી દરદી પાર ઉતરે છે તથાપિ કોઈ કોઈ વાર આ તાવમાંથી પણ મૃત્યુ નિપજે છે.

ઉપર કહ્યું તેમ ઝાડો અને ઉલટી આ દરદનાં મુખ્ય લક્ષણ છે. ઝાડો પેહેલવેહેલો કદાચિત જુલાબની માફક મળ સહિત આવે છે, પણ થોડા વખતમાં તે ફેરવાઈ જઈ પાતળો થવા માંડે અને પાણીની માફક ઉતરે તેનો રંગ ચોખાના ધોવણ જેવો થઈ જાયછે. ઉલટી પાણી જેવી થાયછે. અથવા જે કાંઈ ખાધામાં આવ્યું હોય તે પાછું પડે છે. ઉલટીનો રંગ પણ કાંજીના પાણી જેવો હોય છે. હાથ પગ અને પેટમાં ગોટલી ચડી આવેછે. તથા સ્નાયુ ખેંચાય છે. કોઈ વાર એક બે જ ઝાડા આવીને બંધ પડી જાય, ઉલટી સેજ સાજ થાય, અને પેટ ચડી આવે, પેશાબ કમી થઈ જાય છે અથવા ઉત્પન્ન થતો બંધ પડી જાયછે. પાણીની અતિશય તરશ લાગે છે. હોઠ નખ અને ચામડી કાળાં પડી જાયછે. શરીર પરશેવાથી ભીંજાઈ જઈ ઠંડુ બરફ જેવું બની જાયછે. શ્વાસોશ્વાસ અને લોહીનું ફરવું મંદ પડી જાય છે. નાડી ધીમી પડી

જાય છે અને તે એટલે સુધી કે છેક જણાતી પણ નથી તોપણ એ માલુમ થાય નહીં. અવાજ બેસી જાયછે અને એટલી તો નબળાઈ આવી જાય છે કે દરદીથી બોલાઈ શકાતું પણ નથી. ફકત ઝીણે અવાજે કાનમાં કાંઇ વાત કરીએ તે પ્રમાણે તેનો અવાજ મંદ નીકળે છે. જીભ સફેદ અને ઠંડી પડી જાય મોહોડામાંથી સ્વાસ ઠંડો નીકળે, ટુંકામાં આ-રોગ થયા પછી થોડીવારમાં શરીર માંહેની તમામ શકતી દબાઈ જાયછે. આંખો ઊંડી ઊતરી જાયછે, આખું શરીર ઠંડુ બરફ જેવું બની જાય છે તો પણ દરદીને ગરમીની માફક બળતરા અને અકળા-મણ થાયછે. અને અંગ ઊપર કપડું પણ રાખવું ગમતું નથી. એકંદરે દરદીનો ચેહેરો એવો તો બિહામણો બની જાય છે કે તે એકવાર જોયો હોય તો પછી વિસારે પડતો નથી. આ પ્રમાણે થયા પછી છેવટે શ્વાસ ઊપડે કે હેડકી થાયછે અને બે ચાર કલાકથી એકાદ દીવસમાં દરદી મૃત્યુ પામેછે. અને જેમ જેમ વધારે વખત જાયછે તેમ તેમ દરદીને બચવાની આશા વધારે બંધાતી જાય છે. દરદી બચવાનો હોય તો ધીમે ધીમે ઝાડો અને

ઉલટી કમી થતાં જાયછે અથવા તો તદન બંધ પડી જાયછે. શરીરમાં પાછી ગરમી આવેછે, નાડી બારિક હોય તે પાછી મોટી થવા માંડેછે. પેશાબ છુટે છે. થોડો તાવ આવેછે અને પાછો ઉતરી જાય છે કોઈ વખત સખ્ત તાવ આવેછે અને તેને લીધેજ દરદીની ખુવારી થાયછે. એ રીતે આ દરદનો છેડો જુદી જુદી રીતે આવેછે; કોઇને પેશાબ મુદલ થતો નથી અને તેને લીધે પણ મૃત્યુ નિપજે છે. કોઇને એકાદ ઝાડો અથવા ઉલટીજ થાય અથવા ન પણ થાય અને શરીર ઠંડું પડી જાય છે. કોઇને ગોળા અને ગોટલી ચડવાથી સેહેજ દુઃખાવો થાય અને કોઇને એવો સખ્ત થાય કે તેનાથી એ દુઃખ નહીં ખમાયાથી પકડોરે ! દાબોરે! મરી ગયો રે ! એવી દયા ઉપજાવનારી ચિચીયારીઓ પાડે છે. અને જંપતો નથી. આવી હાલત ઘણું કરી ભયંકર સમજવી.

આ રોગમાં ઝાડો પુષ્કળ અને ચોખાના ધોવણ જેવો થાય છે. કેટલીક વખત છેક પાતળો પાણી જેવો અને તેમાં સફેદ છોતરાં નીકળે છે. આ ઝાડાની અંદરક્ષાર અને મુખ્યત્વે કરીને મીઠાનો ભાગ

ઘણો હોય છે.

જ્યારે ઝાડા અને ઉલટીથી દરદી બેહોસ થાય છે ત્યારે પેશાબ ઉત્પન્ન થતો બંધ પડે છે અને ગુરદાનો વરમ થઈ આવે છે અને તેને લીધે પણ દરદી મરણ પામે છે.

જ્યારે સ્ત્રીના ગર્ભસ્થાન ઉપર કૉલેરાની અસર જણાય છે ત્યારે શરીર ઠંડુ પડી જાય છે અને ગર્ભસ્થાનમાંથી ઘણી વખત રક્તસ્ત્રાવ થાય છે જો સ્ત્રી ગર્ભવંતી હોય તો ગર્ભપતન થાય છે. અને આ સ્થિતિમાં સ્ત્રી મરણ પામે છે તો પછી ગર્ભ જીવ રહિત માલમ પડે છે.

એ રીતે એકંદરે આ રોગમાં દરદી એવો તો લેવાઈ જાય છે કે તેની નાડીનું પણ ઠેકાણું રહેતું નથી તોપણ તે ભાનમાં હોય છે અને છેક મરવાના વખત સુધી પણ તે બેશુદ્ધ થતો નથી.

ભયંકર નિશાનીઓ.

(૧) ઝાડાનો રંગ રાતો હોય તો દરદીને બચવાની આશા થોડી રાખવી.

(૨) ઉલટીનો રંગ સફેત અથવા છેક પાણી જેવો હોય છે પણ જો તે કાશીના ઉકાળા જેવી

કાળા રંગની થાય તો દરદીને બચવાની આશા થોડી સમજવી.

(૩) પેશાબ કોઈ કોઈવાર થોડો થોડો થાય છે. પણ જો ઉત્પન્ન થતોજ બંધ પડે તો દરદીને બચવાની આશા થોડી જાણવી.

(૪) જો શ્વાસની ગતિ જોરમાં ચાલે તો દરદીની સ્થિતી ભયંકર જાણવી.

(૫) છાતીનું ઉછળવું અને હાંફણ થાય તો દરદીની બચવાની આશા છોડી દેવી.

(૬) કૉલેરાના દરદીની છેલી ઘડીએ હેડકી શરૂ થાય છે અને હેડકી ઉપડે કે દરદીની છેલી ઘડી જાણવી.

(૭) **નાડી**—નાડીની ગતિ જેમ મંદ પડે છે તેમ તેનું કદ પણ બારિક થઈ જાય છે. ફક્ત એક મિનિટમાં નાડી ૫૦થી ૬૦ ધબકારા સુધી ઉતરી જાય છે અને તે એટલી તો બારિક થઈ જાય છે કે તે એક ઝીણા દોરા જેવી લાગે છે. અથવા તો હાથને બિલકુલ લાગતી નથી આવી રીતે જ્યારે નાડી બેસ્તી જાય તથા અંગ થંડુ થતું જાય ત્યારે તેનો

વધારે ભય રહે છે.

એ રીતે કૉલેરાના દરદીની છેવટની નિશાનીઓ જણાવા માંડે છે પરંતુ તે કોઇને ઘણી અથવા તો કોઇને થોડી પણ જણાય છે.

શરીરની ગરમી.

કૉલેરાના દરદીની ગરમી જો કે માણસની સ્વભાવિક ગરમી ૯૯ અંશની છે તથાપિ તેમાં ઘણો ઘટાડો થાય છે છતાં મૃત્યુ થયા પછી ઘણીવાર આ ગરમી વધીને ૧૦૦ અંશથી પણ જાસ્તી થઈ પડે છે.

કારણ—આ રોગ થવાના કારણો ઘણાં છે તે આ પુસ્તકના બીજા ભાગમાં લખ્યા છે તોપણ ટુંકમાં 'એટલું તો કહેવું જોઇએ કે કૉલેરા ઉત્પન્ન કરનાર કોઈ એક પ્રકારની ઝેરી વસ્તુ છે એમ માનવામાં આવ્યું છે કેટલાકનો મત તેથી જુદો છે અને તે એકે કૉલેરાના ઝેરી શુક્ષ્મો હવાની મારફતે શરીરમાં પ્રવેશ કરે છે અને કેટલાકનો મત એવો છે કે તે પાણીની અને હવાથી મારફતે પ્રવેશ કરે છે તો પણ આટલું તો પ્રત્યક્ષ જણાય છે કે કોઈ પ્રકારની ગલીચી ગંદકી અથવા

અસ્વચ્છતાથી એ રોગનો ફેલાવો જલદી થાય છે અને ખરી રીતે આપણે જોઇશું તો જેઓ મેહે· નત મજુરી કરનારા અથવા તો ગંદા રહેનારા હોય છે તેમાં એ રોગ વિશેષ જોવામાં આવેછે જો કે તે સ્વચ્છતા રાખનાર માણસોમાં પણ થઈ આવેછે ખરો પરંતુ છેલા કરતા પેહેલામાં તેનું જોર વિ- શેષ જોવામાં આવે છે. માટે એ ઉપરથી પણ સિદ્ધ થાય છે કે આ પુસ્તકના બીજા ભાગમાં લખેલા કારણોથી એ દરદ થઈ આવે છે. માટે એ કારણો પ્રથમથીજ દુર કરવા જોઇએ.

જ્યારે કૉલેરાનો મરજ ચાલતો હોય ત્યારે બદ હજમી અથવા અજીરણનો ઝાડો થઈ આવ્યો હોય તો પણ તેને જલદીથી બંધ પાડી દેવો કેમકે કૉલેરાનો પવન ચાલતો હોય તેમાં ઝાડો બંધ નહીં કરવાથી ખરાબી થાય છે. માટે "દર- દને મટાડવા કરતાં ટાળવું" એ કહેવત કૉલેરાને બરાબર લાગુ પડે છે. કારણકે કોલેરાથી સાવચેત રહી તે ઉત્પન્ન ન થાય એવા ઉપાય લેવા એ સર્વોત્તમ છે. કાંકે કૉલેરા એ એવો તો જીવલેણ મરજ છે કે તેણે માણસને એક વખત પકડયો

તો પછી તેનું સારૂં થવું અથવા ન થવું એ ઘણે દરજ્જે પરમેશ્વરનાજ હાથમાં રહે છે. કેમકે આજ સુધી કૉલેરાને માટે કોઈ ચોકસ ઈલાજ મળી આવ્યો નથી એટલુંજ નહીં પરંતુ કૉલેરા કયા વાસ્તવિક કારણથી થાય છે તેમજ ઝાડો ઉલટી બંધ થાય તેમાં દરદીનું હિત છે કે થાય તેમાં છે એ વિષે પણ હજુ પુરો નિર્ણય થયો નથી. **ડૉકટર ટાનર** કહે છે કે ઝાડો ઉલટી તદન બંધ થાય અગર વધારે થાય એવા ઓષડ દરદીને આપવા નહીં. પણ આ પ્રમાણે દરદીને બીજા ઈલાજો કર્યા વિના માણસોથી બેસી રહેવાસે નહીં તેમ બેસી રહેવામાં ફાયદો છે એમ પણ નથી માટે પ્રથમ તો કોઈ પણ પ્રકારની દરદીના ઘરની આસપાસ ગટર મોરી કે એઠવાડ ઈત્યાદિની ગંદકી હોય તે દુર કરવી અને પીવાના પાણીની સ્વચ્છતા વિષે તપાસ કરી બીજા ઈલાજે વળગવું દરદીને રહેવાની જગો સાફ રાખવી અને તેની આસપાસ ચુનો ઈત્યાદિ ગંદકી દુર કરનારી ચિજો નાખવી. **દરદીનો ઝાડો ભોંયપર પડવા દેવો નહીં અને બીજા ભાગમાં કહ્યા પ્રમાણે તેની**

વ્યવસ્થા કરવી.

કૉલેરાના દરદમાં જુદે જુદે વખતે જુદા જુદા પ્રકારના ચિન્હો ઉત્પન્ન થાય છે. પ્રથમ ઝાડો થાય ત્યારે તેને બંધ કરવાની જરૂ છે પછી ઝાડા સાથે ઉલટી થાય છે તેના ઔષધની જરૂર છે; પાછળથી શરીર ઠંડુ પડે છે ત્યારે પેટ ચડે છે તે વખત વાયુની છુટ રહે તેવી દવાની જરૂર પડે છે અને છેવટ તાવ અને પેશાબ બંધ થાય છે ત્યારે તેવી દવાની જરૂર પડે છે. એટલા માટે કૉલેરાના દરદીને દરેક વખતે એકજ દવાની જરૂર પડતી નથી પણ વિવિધ પ્રકારની યોજનાની જરૂર પડે છે. માટે દરેક વખતે કઈ કઈ દવા આપવી તે નીચે બતાવ્યું છે.

શરૂઆતનો આવતો ઝાડો બંધ કરવાના ઈલાજો.

કૉલેરાનો રોગ ચાલતો હોય તેવા વખતમાં બદહજમી અથવા અજીર્ણને લીધે ઝાડો થઈ આવે અથવા હમેશની ટેવ કરતાં વધારે ઉતરવા લાગે કે તુરત તે બંધ કરવાના ઉપાયો નીચે પ્રમાણે કરવા.

નીચેના ચૂર્ણો કોઈ પણ પ્રકારનો સાધારણ જુ-લાબ ઉતરે છે તેને બંધ પાડવામાં બહુ ઉપયોગીછે.

૧–કાથાદિ ચૂર્ણ.

કાથાની ભુકી....................૪ આઉંસ.
હીરાદખણ....................૨ ,,
રહાટની....................૨ ,,
તજની ભુકી....................૧ ,,
જાયફળ....................૧ ,,

એ બધાને મિશ્ર કરી તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. અને દર કલાકે આપવું.

માત્રા ૨૦ થી ૪૦ ગ્રેન (ઘઉંભાર)

૨–તજનું ચૂર્ણ

તજ, એળચીદાણા, અને સુંઠ એ ત્રણે ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. તેમાંથી દર કલાકે આપવું.

માત્રા ૩ થી ૧૦ ઘઉં ભાર

૩–અફીણનું ચૂર્ણ.

અફીણ....................½ આંઉસ.
કાળા મરીની ભુકી ....૨ ,,
સુંઠની ભુકી ,,..................૫ ,,
જીરૂં....................૬ ,,

ગુંદર........................$\frac{1}{2}$,,

એ શરવેને બારિક ખાંડી વસ્ત્રીગાળ ચૂર્ણ કરવું.

માત્રા ૨ થી ૫ ઘઉં ભાર.

૪—કાઇનાદિ ચૂર્ણ.

હીરાદખણ	૩$\frac{1}{4}$	આંઉસ.
અફીણ	$\frac{1}{4}$	,,
તજની ભુકી	૧	,,

ઉપર પ્રમાણે ચૂર્ણ કરવું.

માત્રા ૫ થી ૨૦ ગ્રેન ઘઉં ભાર.

૫—ચાકનું ચૂર્ણ.

તજ	૪	આઉંસ.
કેસર	૩	,,
એલચી	૧	,,
ચાક	૧૧	,,
જાયફળ	૩	,,
લવીંગ	$\frac{1}{2}$	,,
સાકર	૨૫	,,

માત્રા ૧૦ થી ૬૦ ગ્રેન ઘઉંભાર

૬—ચાકનુંઅફીણસહ ચૂર્ણ.

ઉપરના ચૂર્ણમાં અફીણ $\frac{1}{4}$ આંઉસ નાખવાથી

ઊપરનું ચૂર્ણ અને છે

માત્રા ૧૦ થી ૪૦ ગ્રેન.

૭–લશુનાદિ ચૂર્ણ.

લશણ, જીરૂ, સંધવ, સંચળ, સુંઠ, મરી, પીપર, અને હીંગ, એ સરખે ભાગે લેઈ બારિક ખાંડી વસ્ત્રોગાળ કરી લીંબુના રસમાં યોગ પ્રમાણમાં આપવું.

૮–કટુત્રય રસ–

સુંઠ, મરી, પીપર, જીરૂ, હીંગ, સિંધવ, લશણ અને ગંધક એ સરવેનું સમ ભાગે ચૂર્ણ લીંબુના રસ અગર બિલીના મગજમાં મેળવીને આપવું.

૯–આરોમેટીક પાઉડર ઓફ ચાક ગ્રેન ૧૦ (ત્રઉં ભાર) પાણીમાં મેળવી દર બે કલાકે આપવો ઉપરની દવાઓ તૈયાર ન હોય તો નીચેની દવાની બારિક ભુકી તૈયાર કરી રાખવી અને તેમાંથી દર બે અગર ત્રણ કલાકે ૧૦ ઘઉં ભારથી ૧૫ ઘઉં ભાર સુધી આપવી.

તજ.......................૧૬ ગ્રેન

જાયફળ.................૧૨ ,,

કેસર......................૧૨ ,,

લવીંગ........................ ૬ ,,
એલચીદાણા.................. ૬ ,,
ધોયેલો ચાક.................૪૪ ,,
સાકર.......................૧૨૦ ,,

ઊપરની દવા બે વખત આપવાથી ઝાડો બંધ ન જ થાય તો અને વધતો જાય તો તેના એક વખતના પડીકામાં "લાડેનમ"ના ટીપાં ૧૦ નાખવા. અગર તે હાજર ન હોય તો સારૂં અફીણ પા ધઊભાર નાખી મેળવીને આપવું. અગર

૧૦–"કલોરોડાઇન" નામની દવા હાજરહોય તો તેમાંથી ૧૦ થી ૨૦ ટીપાં થોડા પાણી સાથે મેળવી દરબએ કલાકે આપવું એ દવા કહાડતી વખતે સીસીને ખુબ હલાવવી. અગર

૧૧–ગેલેઆરમની.........૧૫ ગ્રેન (ધઊંભાર)
શેહેરી લોબાન........૧૨ ,, ,,
એલચીદાના.........૧૨ ,, ,,
લવીંગ...............૨ ,, ,,
કસ્તુરી...............૨ ,, ,,
અફીણ...............૧ ,, ,,

ઊપરની દવા ઝાડો પાતળો પીળા રંગનો અને

કચરાવાળો આવે મતલબ કે ઝાડો અજીર્ણ જેવો આવે તો ગુંદરના પાણીમાં તેની ૭ ગોળીયો કરી દર ત્રણ કલાકે એકેક આપવી અને એ રીતે આખા દહાડામાં ૩ થી ૪ ગોળી આપવી.

એ દવા પણ હાજર ન હોયતો

૧૨–સારૂં અફીણ.....ગ્રેન ૧ (ઘઊંભાર) લઈ તેની ચાર ગોળી કરી દર ત્રણ કલાકે એકેકી આપવી. તે પણ ન હોય તો.

૧૩–કાથો ગ્રેન............... ૨૦ ઘઊભાર
હીરાદખણ.............. ૨૦ ,,
અને અફીણ............ ૧ ,,

તેના ચારભાગ કરી એકેક દર ત્રણ કલાકે આપવો. અને દરદીને સુવા દેવાથી વધારે ફાયદો થાય છે. માટે ઊંઘવા દેવો. અને

૧૪–શરૂઆતનો ઝાડો આવ્યાની એક બે કલાક અગાઊ જે કાંઇ ખાધામાં આવ્યું હોય તે પાચન નહીં થયાથી છાતીએ પાછું આવતુ હોય તો ગરમ પાણી પાઇને સઘળું ઓકાવી કાઢવું કેમકે એ બગડેલો ખોરાક પેટમાં રહેવાથી ઝાડો વધારે થશે. અને દવાની અસર લા-

ગશે નહીં.

સૂચના—કરવામાં આવે છે કે કૉલેરા ચાલતો હોય તેવા વખતમાં અતિસારના જેવો ઝાડો આવે તોપણ ધાસ્તી લાગે છે પણ તેથી ગભરાવું નહીં અને હીમત રાખવી કેમકે ધાસ્તી રાખવાથી ઝાડાનું જોર વધી જશે અને તેમાંથી ભયંકર રૂપ પકડશે. માટે હિમત રાખી દવા કીધી તો ઝાડો જલદીથી બંધ પડી જશે. યાદ રાખજો કે કૉલેરાની રામબાણ દવા એક "હિમત જ છે."

ઊપરની દવાઓ આપવાથી ઝાડો બંધ થાય નહીં તો.

૧૫—હોમીયો પેથીક "કેમ્ફર" કપુરનો અર્ક ટીપા ૨ થી ૫ સુધી દર પા કલાકે ખાંડ અથવા સાકર સાથે આપવાથી તદન બંધ પડી જશે અગર તે ન મળે તો કપુરની ગોળીયો "કેમ્ફર પીલ્સ" આવે છે તે દર પા કલાકે પાણી સાથે ગળી જવી. ત્યારબાદ જો ઝાડો પાતળો આવવા લાગે 'તથા ઊલટી સફેદ પાણી જેવી

થયા કરે, ઘામ નીકળવા માંડે, ગોટલી ચડે ઇત્યાદિ ચીન્હો થઈ કૉલેરાની સખ્ત નિશાની ઓ માલમ પડે તો નિચેની દવાઓ આપવી.

ઇંગ્રેજી દવાઓ.

કૉલેરામિક્ષચર.

૧૬–સાલવૉલાટાઇલ............૨૦ મિનિમ.
એસેંન્સ ઑફ્પેપરમિંટ......૧૫ મિનિમ.
લાડેનમ (અફીણનો અર્ક).....૨૦ મિનિમ
બ્રાંડી......................ાા આંઊસ.

સર્વનું મિક્ષચર કરી તેમાં સમભાગ પાણી નાખી બે અગર ત્રણ કલાકે આપ્યા કરવું. વખતે દરદી ગાફ્લ અથવા ઘણો લેવાઇ ગયેલો હોય તો અફીણનો અર્ક બાદ કરવો. બ્રાંડી ન ખપે તેને માટે આદાનો અથવા ડુગળીનો રસ કાઢી મેળવવો.

૧૭–શરીર ઠંડુ પડતું જાય, નાડી નબળી જણાય, તો અફીણ વાળી દવા બંધ કરી ગરમી થાય તેવા ઓષડો શરૂ કરવાં.

કસ્તુરી................૩ ગ્રેન (ઘઊંભાર)
કપુર..................૯ ,, ,,

બને મિશ્ર કરી ત્રણ ગોળીયો કરી દર કલાકે અકેકો આપવી.

૧૮–કસ્તુરીનો અર્ક.....................૩૦ ટીપાં.
મરચાનો અર્ક.........................૨૦ ,,
સાલવો લાટાઈલ......................૨૦ ,,
આદુનો રસ.............................૧ તોલો
પાણી......................................૨ ,,
ટરપેનટાઇન તેલ....................૧૦ ટીપાં.
એ બધાં મિશ્ર કરી દર બે કલાકે તેટલું આપ્યાં કરવું.

૧૯–હોમીયો પેથિક–આવા વખતે નિચે મુજબ આપવામાં આવે છે.

૧ વીરેટ્રમ આલબમ.
૨ આરસેનિકમ આલબમ.
૩ કુપ્રમ.
૪ સીકેલી કોરનુટમ.
૫ એકોનાઈટમ.

એ પાંચમાં પેહેલી અને બીજી વધારે વપરાયછે. જો તે હાજર ન હોય તો નિચે લખેલી દેશી દવાઓ આપવી.

દેશી દવાઓ.

૨૦–હીંગ........................ ૧ વાલ.
મરચાં........................ ૨ ,,
લશણુ........................ ૪ ,,

એ બધાં સાથે પાણીમાં વાટીને પાંચ રૂપીઆ ભાર દહીંમાં મેળવી દર પા કલાકે પાવાથી ગમે તેવા ઝાડા ઊલટી બંધ થઈજશે. કેટલાકો આવા વખતમાં અફીણ વાળી દવાઓ આપે છે. પણ તેથી પેટ બંધ થઈ ચડી આવે છે. તેમ નહીં થતાં દરદ નાશ પામશે. ઊપલી દવા પાવાની જોડે પેટ અને પગની પીંડી ઊપર રાઈ લગાડયા કરવી.

૨૧–કપુર........................ ૧ ભાગ.
હીંગ........................ ૨ ભાગ.
મરી........................ ૩ ભાગ.
લશણુ........................ ૪ ભાગ.

એ સરવે બહુ જ બારિક વાટી તેની ચણી બોર જેવડી બમે વાલની ગોળીઓ કરવી અને ઊપર પ્રમાણે દર પા કલાકે આપવી આ ગોળી દહીંની સાથે પણ અપાય છે. તે સાથે રાઈનુ પલાસતર પણ ઊપર પ્રમાણે લગાડવું. અથવા,

૨૨–મોરથુથુ...... ....૧ રતી.
અજમો...................૧તોલો.

એ બંને બહુ બારિક વાટી તેના ચાર પડીકા કરવાં તેમાંથી એકેક પડીકું દર અરધા કલાકે દહીં સાથે આપવું. અને થઈ રહેતો નવું બનાવવું તેથી થોડા અરસામાં કોલેરાનું જોર નરમ પડી જઈ આરામ થશે. પણ રાઈનું પલાસતર લગાડવા ભુલવું નહીં. અથવા,

૨૩–અફીણ ૧ ગ્રેન મરી ૨ ગ્રેન અને હીંગ ૩ ગ્રેનની એક ગોળી કરી ગળાવવી એવી દર બે કલાકે નવી કરી ગળાવવી. અથવા

૨૪–તજ, એલચી અને સુંઠ સરખા ભાગે લેઈ તેની બારિક ભુકી કરી બેથી પાંચ રતી ભાર સુધી ફકાડવી અથવા,

૨૫–અફીણ.................... ૩ વાલ.
કાળા મરી................... ૪ વાલ.
તીખાં....................૧૦ વાલ.
સુવા.....................૧૨ વાલ.
ગુંદર....................૧ વાલ.

સર્વ એકત્ર કરી તેમાંથી એકથી બે રતી દર

અરધા કલાકે પાણી સાથે આપવું. અથવા.

૨૬-લીંબોળીનો ખોળ..............૫ તોલા.

સીંધાલુણ......................૨ તોલા.

ખુબ ખાંડી તેની પાણીમાં ચણીબોર જેવડી ગોળી કરી આંબાના પાત્રાંની રાખ. ૩૦॥ ભાર તથા કસ્તુરી વાલ ૨ તેને ખુબ વાટી ઊપરની ગોળીઓ કાંસાના વાસણમાં મુકી તે ઊપર સદરહુ રાખ ભભરાવવી. અને પછી તેમાં તેને ખુબ રગદોળવી. તે લઇ મોટી ઊમરનાને દર બે કલાકે બબે ગળાવવી અને નાનાને તેથી અરધી ગળાવવી. અથવા

૨૭-અફીણ...........$1\frac{1}{2}$ ગ્રેન (ધઊંભાર)

કાળાંમરી............૬ ,, ,,

હીંગ...............૬ ,, ,,

એ દવા મિશ્ર કરી તેની ત્રણ ગોળી કરવી તે દર બબે કલાકે એકેકી આપવી અથવા,

૨૮-જો ઝાડો બહુ આવ્યા કરે. બકારી થોડી આવે તરસ થોડી લાગે અને અગન થોડી બળતી હોય તેના માટે નીચેની દવાનું ચૂર્ણ કરી શેર પાણીમાં ઊકાળવું તે અરધું રહે કે

ઊતારી ઠારી દર બે કલાકે એક મોટા ચમચાના પ્રમાણમાં આપવું.

અનીસુધ...............૧ તોલો
અગર...............૧ ,,
મસ્તકી...............૦॥ ,,
સાહાજીરૂ...............૦॥ ,,

અથવા.

૨૯-જો અગન ઘણી બળે પેટમાં ચુંથાય અને તરસ ઘણી હોય તો

ખસખસ...............૦॥ તોલો
હબુલ્લઆશ...............૦॥ ,,
પાણી...............૬ ગલાસ

ઊપરની દવાને પાણીમાં લુંટવી અને નીતર્યા પછી દર બબે કલાકે અકેક ગલાસ આપવી.

સૂચના આ બિમારીમાં વખતે દરદીને પાણીની તરસ ઘણી લાગેછે અને દરદી પળે પળે પાણી માગ્યા કરે છે છતાં ઘણા લોકો પાણી આપતાં નથી અને વધારે ઝાડો ઊલટી થવાના ભયથી કે બીજા કોઈ વ્હેમથી આજારી પાણા સારૂ ભલેને ટળવળીને મરી જાય તોપણ તેની તેઓ કાંઈ દરકાર કરતા નથી તેથી

માઠું પરિણામ આવે છે. કેમકે આ રોગમાં ઝાડો આવે છે તેમાં લોહીની અંદરનું પોષણ કરનારૂં પાણી જ આવેછે તેથી શરીરના સઘળા ભાગો તવાઈ જાય છે. એ ખોટ પુરી પાડવા સારૂ કુદરત પોતે જ પાણી માગે છે તેથી રીતસર થોડું થોડું પાણી આપવાની જરૂર છે **માટે, ઘણી તરશ લાગતી હોય તો:-**

૩૦—પાણી..................૨૫ તોલા.
શોડા..................ાા તોલો.
મીઠું..................ાા ,,
કલોરેટ ઑફ પોટાશ... ૧ ,,

એ દવા સાથે મેળવી પાણી તઇયાર કરી આપતાં રહેવું. અથવા,

૩૧—તે કરતાં પણ ઘણી તરસ લાગે તો બરફ નાંખેલું પાણી પાવું અગર બરફના કટકા મોમાં રખાવવા અથવા સોડાવોટર આપવું. અથવા,

૩૨—એ હાજર ન હોય તો,
શીકંનજ બીન–એક આંઊસ (૨ાા ભાર) ચાર આંઊસ ઠંડા પાણી સાથે મેળવીને

તે પાણી પાતા રહેવાથી પણ તરશ છિ-
પશે અને ઊલટી બંધ થશે. અથવા,

૩૩—એ પણ હાજર ન હોય તો નીચેની કોઈ
પણ દવાનું પાણી આપવું.

૧—ધાણા અને સુગંધી વાળો પાણીમાં ઊ-
કાળીને આપવાથી પણ તરશ છિપશે.

૨—લવીંગ, જાયફળ, અગર નાગર મોથનું
પાણી ઊકાળી તે ઠંડુ થયા પછી પાયા
કરવું.

૩૪—કૉલેરાના દરદીને તરશ તથા ઊલટી થતી
મટાડવાનો એક શેહેલો ઊપાય ડાકતર **"ગો-
રીયાનસ્કી"** નીચે પ્રમાણે બતાવે છે.
કૅનબેરિઝ નામના કાચા ફળોનો ચોખો અને
તાજો રસ તેટલા જ ભાગમાં પાણી લઈ
અગર પાણી વગર છુટથી આપવાથી તરશ
મટે છે અને ઊલટી પણ બંધ થાય છે પ-
ચાશ દાખલામાં એ ઊપાય અજમાવતાં ફતે-
મંદીસાથ ઊતર્યાછે એમ તે ડાકટર જણાવેછે.
જો ઊલટી ઘણી થતી હોય અને ખાધેલું કે
પીધેલું ટકી શકતુ ન હોય તો ઊપર

બતાવેલા "શોડાવોટર" અથવા બરફથી બંધ થશે. તે છતાંવધારે થતી હોય તો નીચેની દવાઓમાંની કોઇપણ કામે લગાડવી.

૩૫—પેટ ઊપર રાઇનો લેપ મારવો. અગર

૩૬—"લાડેનમ" અને "કલોરોફોર્મ" લગાડવું. અગર ઓકારી અથવા હેડકી ઊપર નીચેની દવા દર ત્રણ કલાકે આપતા રહેવાથી ફાયદો થાય છે.

૩૭—ક્રિયાસોટ..............૧ મિનિમ (ટીપું.)
ડાઇલ્યુટ હાઇડ્રો સ્યાનિક ઍસિડ ૫ ટીપાં.
લાઇક મોરફીયા...............૧૦ ,,
ઈથર કલોરક................૩૦ ,,
તજનું તેલ.................. ૨ ,,
ચુનાનું પાણી................૧ આંઊસ.
એ સરવે મિશ્ર કરી દર ત્રણ કલાકે આપતાં રહેવું. અથવા,

૩૮—સ્પિરિટઑફ કેમ્ફર........... ૩૦ ટીપાં.
કાર્બોલિક ગ્લીસરીન ....૫ ટીપાં,
સલફ્યુરિક ઍસિડ ડિલ્યુટ.....૧૦ ,,
કલોરોડાઈન .... ૫ ,,

પાણી.....................:... ૧આંઉસ

મ્યુસિલેજ દ્રાગાકાન્ય .... ½ ,,

ઉપરની સરવે દવાને મિશ્ર કરી કૉલેરાનો મરજ થતાં શરૂઆતમાં અરધા કલાક અગર કલાકને અંતરે આપવાથી સારો ફાયદો કરે છે. ઝાડો ઉ-લટી નરમ પડે તેમ "કલોરોડાઈન" તેમાંથી બાદ કરવું અને નીચેની દવાઓમાની કોઈપણ આપવી.

૩૯—કવીનાઈન....૫ ગ્રેન (ધઉભાર

સલ્ફ્યુરિકઍસિડડિલ્યુટ .૧૦ટીપાં

કાર્બોલિક ઍસિડ.........૧ ,,

ટિંકચર ઑફ આયોડીન...૩ ,,

કપુરનું પાણી.......૧ આંઉસ.

સર્વ દવા મિશ્ર કરી દર ત્રણ કલાકે આપવી.

૪૦—પણ ઉલટી બંધ થાય નહિ તો " હેડ-રેટ કલોરલ " ૧ ચમચી બરફના પાણી-માં પલાળીને તે જ્યાં સુધી ઉલટી બંધ થાય ત્યાંસુધી દર અરધા કલાકે પાયા કરવું અથવા.

૪૧—"હેડરેટ કલોરલ" ૧ દ્રામ લેઇ બે આંઉસ પાણીમાં મેળવી તેની પીચકારી સફરાની

અંદર મારવી. અથવા

૪૨–પાંચથી દશ ટીપાં કલોરોફૉર્મ થોડા સા-
કરના શિરામાં મેળવી પાવું. અથવા

૪૩–અરધો દ્રામ "સલફ્યુરિક ઍસિડ ડિલ્યુટ"
પાણીમાં નાખીને જ્યાં સુધી ઉલટી બંધ
થાય ત્યાં સુધી દર કલાકે આપ્યા કરવું.

એમાંની કોઈ દવા હાજર ન હોય તો

હોમીયોપેથીક દવાઓ નીચે પ્રમાણે આપવી.

૪૪–જ્યારે ઝાડા અને ઉલટી ઘણી જ થાય
છે ત્યારે "ઇલેટી રીયમ" આપવાની
મી. હયુજ ભલામણ કરે છે.

૪૫–ઉલટી અને ઝાડા જો ઘણા જોરમાં હોય
તો "વિરેટ્રમ" આપવું અને જો થોડા
થતા હોય અથવા ખાલી બકારીઓ થતી
હોય તો "આરસેનિકમ" આપવું. અથવા
જો તરશ ઘણી લાગતી હોય અને દરદી
પાણી ઘણું પીતો હોય તો અને તે પી-
ધાથી તેને કોઈ જાતની અડચણ ન થતી
હોય તો "વિરેટ્રમ" આપવું. પણ જો

તરશ વધારે લાગતી હોય અને થોડું થોડું પાણી પીતો હોય તો અને તે પાણી પીધાથી ઉલટી તથા ઝાડામાં વધારો થતો હોય તો " આરસેનિક " આપવું.

ઉપરની દવાઓ પણ હાજર ન હોય તો નીચેની દવાઓમાંની કોઈ પણ આપવી.

દેશી દવાઓ.

૪૬—સુંઠ,, મરી, પીપર, તીખાં, અજમોદ, સિંધાલુણ, જીરૂ, શાહજીરૂ, અને શેકેલી હીંગ સમભાગે લેઈ તેનું બારિક ચૂર્ણ કરી તેમાંથી અરધાથી એક તોલા પ્રમાણ દર ત્રણ કલાકે આપવું અથવા,

૪૭—લવીંગ અને હરડેની છાલ એ બંનેને ખાંડી તેમાં પાંચરૂપોયા ભાર પાણી નાંખી તેને ઉકાળવું તેમાંથી સવા ભાર પાણી રહે એટલે ઉતારી ગાળી તેમાં બે વાલ સિંધાલુણ નાખી પાઈ દેવું. અથવા,

૪૮—નીચેની દવા " ક્રવ્યાદ " આ રોગ ઉપર બહુ વખાણાય છે. માટે તે એકથી બે વાલ સુધી દર બબે કલાકે દહીં સાથે

આપવી.

સુદ્ધગંધક............ ૮ તોલા
પારો.............. ૪ ,,
ત્રાંબુ.............. ૪ ,,
ગજવેલ............. ૪ ,,

એ સરવેને લેઇ લોઢાના ઠામમાં એક મેક કરી ચુલા ઉપર ધીમી આંચે તેનો રસ થાય એટલે તે રસ છાણુ ઉપર કેળનું પાન પાથરી તે પર રેડી ઉપર બીજું કેળનું પાન મુકી બીજું છાણુ મુકવું એટલે તેની પર્પટી થશે. તે પર્પટીનો ભુકો કરવો પછી પંચકોળનો કવાથ શેર એક તથા લીંબુનો રસ શેર ૧ લેઇ તેમાં એ ભુકો ખરલ કરવો. અને ત્યારબાદ નીચેનું ચૂર્ણ કરી તેમાં ભેળવવું તે પછી તેને ચણાના ખારના ચૌદ પટ દેવા.

ટંકણખાર.................૨૦ તોલા
સિંધાલુણ................૧૦ ,,
કાળાંમરી.................૫૦ ,,

એ રીતે મેળવવાથી કૃવ્યાદ તૈયાર થશે પછી તેને ઉપયોગમાં લેવું આ કવ્યાદ વૈદ્યોને ત્યાં તૈયાર પણ મળે છે. અથવા,

૪૯—સુંઠ..................૩ તોલા
અફીણ..................૧ „
ઝેર કોચલાનું ચૂર્ણ.....૨ „
આ દવાઓ મિશ્ર કરી તેની ચણોઠી જેવડી ગોળીઓ કરવી તે દરેક ગોળી બે અગર ત્રણ કલાકને અંતરે આપવી અથવા.

૫૦—જાયફળ, જાવંત્રી, અફીણ, મોચરસ, હીંગળો, લવીંગ, તજ એ સઘળા અકેક તોલો અને ભાંગ પાંચ તોલા તેમાં ભાંગ તથા અફીણ શિવાયના બધાં ઓસડોને ખાંડી એકત્ર કરવાં બાદ એકલાં અફીણને આદાનો રસ ચાર તોલા લેઈ ઘુંટવું અને પછી બીજા ઓસડો તેમાં ભેળવવાં ત્યાર પછી પેલી ભાંગ એંસી તોલા પાણીમાં ઉકાળવી અને દશ તોલા પાણી રહે એટલે તે ગાળી લેવું ત્યાર બાદ તેમાં ઉપલા ઓસડો ખરલ કરવાં અને બધા વાટવાં છેક સુકાઈ જાય ત્યાં સુધી ખરલ કરવા પછી તેની વટાણા જેવડી ગોળીઓ કરી તેમાંથી દર બે ગોળી મોટા આદમીને,

દશથી પંદર વરસનાને એક ગોળી, પાંચથી દસ વરસનાને અરધી ગોળી, અને તેથી નાનાને ઘસીને તેથી પણ ઓછી દર ત્રણ કલાકે આપવી. આ ગોળી પણ કૉલેરા ઉપર સારી વખણાય છે. એ ઉપરાંત.

કેટલાક અનુભવિયોએ જાહેરમાં મેલેલી દવાઓ પણ વાપરવા જેવી છે.

૫૨–મુંબાઇના ઇંજનિયર મી. **શેરાબજી ખરસેદજી** કૉલેરાનો એક અકસિર ઉપાય નીચે પ્રમાણે બતાવે છે અને એવી ખાત્રી આપેછે કે જ્યાં ઇંગ્રેજી ઉપાયો ખુટી પડેલા જણાયા છે ત્યાં નીચેની દવાથી મરણકાંઠે આવેલા દરદીઓને આરામ થયેલો છે.

ઝેરી કોપરૂં જેને કેટલાક લોકો દરીયાઈ કોપરૂં પણ કહે છે. અને જે સરવે ગાંધીયોને ત્યાં પણ મળી શકે છે તે એક બે આની ભાર લેઈ તેની ભુકી કરી એક વાઇન ગલાસ કાચા બ્રાંડી સાથે કૉલેરાના દરદીને તુરત પાઇ દેવું જો બિમાર ઊલટી કરીને તે કાહાડી નાખેતો

ફરી ફરીથી જ્યાં સુધી તે દવા તેના પેટમાં ટકી રહે ત્યાં સુધી આપ્યા કરવું અને એ રીતે દવા ટકી એટલે તુરત બંધ કરવી અને જાણવું કે દરદીને કૉલેરાનું ઝેર રહેલું નથી. તેથી બિમારને ખચિતજ ફાયદો થશે અને મરણ કાંઠે આવેલા દરદી બચી જશે.

ડાકતર એચ૦ બાં૦ નાયક લખે છે કે—

પર—કૉલેરાના અકસિર ઉપાય તરિકે જેમ બને તેમ ઠંડુ પાણી લેઈ એક ચમચામાં સરકો મેળવીને પાવો. અથવા,

પ૩—જલદ એસેટિક ઍસિડ........૩૦ ટીપાં

સ્પિરિટ ઑફ નાઈટર........૧૦ ,,

એ બંને એક વાઈન ગ્લાસ પાણીમાં નાંખીને દરદી ગમે તેવી હાલતમાં ઘેરાયલો હોય તોપણ તેટલું પાવું પણ બીજી વખત આપવાની કવચિત્તજ જરૂર પડેછે. આ દવા આપતાં દરદીને કદી પણ તંબાકુ અને પાણી આપવું નહીં જ્યાં સુધી દરદી આ રોગમાંથી તદન મુક્ત થાય

નહીં, ત્યાં સુધીમાં જો ઘણી તરસ લાગે તો "સોડા વોટર" એક ડોઝ આપવો, અને માત્ર આરારૂટનીજ કાંજી આપવી. અને જેને ખપે તેને બાર કલાક પછી સુકી રોટલી સાથે મરઘાંનો શેરવો આપવો. પણ કોઈ પણ જાતનો દારૂ વપરાશમાં લેવો નહીં.

૫૪–વળી એક બીજો હકીમ એવું કહે છે કે આ રોગવાળાને પેહેલાં "ક્લોરોડાઈન" આપ્યા પછી બે કલાકે

સુંઠ	૧	તોલો.
સંચળ	૧	,,
અજમો	૧	,,
હિંગ	૧	,,
પીપરીમુળ	૧	,,
વાવડીંગ	૧	,,

એ બધાં ખુબ બારિક વાટી દરદીને બે ચમચા જેટલું ફકાવી ઉપર "લેમોનેટ" પાવો, કે જેથી બદહજમી કે વા ફુટીને ઝાડો કબજ થઈ જશે, અને દરદીની અકળામણ પણ નરમ પડી જશે,

અને અંગમાં ગરમી રહેશે, પણ એ દવા આપવા જોડે સુકી રાઇ લેઇને હાથ, પગ અને છાતી ઉપર ચોળવી, પણ પેટ કે દુંટી ઉપર લગાવવી નહીં.

૫૫–મી. શા૦ મ૦ દેશાઇ. નીચે પ્રમાણે સૂચવે છે.

કૉલેરાની દવાઓ તરેહવાર છે, પણ જંગલીઓમાં અથવા ગામડીઆઓમાં જ્યારે એ નાશકારક રોગ પ્રસરે છે, ત્યારે એક એવો તો અછો ઉપાય તેઓ વાપરે છે કે તેથી ઘણા જાન બચી ગયાના દાખલા બનેલા છે. માટે નીચેનો ઉપાય તેમને જે એક (હલકી વરણુના માણુસે) બતાવ્યો છે તે દરેક તબીબોએ પથ્થકરણ કરી સાબીત કરી લેવો જોઇએ. એ ખાત્રીપૂર્વક ઉપાય સઘળે જાહેર થાય તેવા હેતુથી તેઓએ પ્રસિદ્ધ કરેલો છે.

મોરના પીછાં ઉપર જે ખુત્તા આવેછે તે બાળી નાખીને પાણીમાં પાઈ દેવો એ મોરના ખુત્તાની પાણીમાં ભેળેલી રાખ તે

કૉલેરાનો એક ઉસ્તાદ છે. ”

૫૬–એક અનુભવિ વળી નીચે પ્રમાણે લખે છે. કપુરના અરકનું એક ટીપું આપવું અને તે સાથે દરદીની ચામડીમાં કપુરનો અરક ખુબ મસળવો તેથી ગરમી આવશે. વળી બે ચમચા કપુરના અરકને અરધા પેંટ પાણી સાથે મેળવી હર વખતે દરદીને પાવા આપવાથી સારો ફાયદો થશે.

૫૭-મી૦ **ગોવીંદ ક્રિષ્ણા નિંબકર** જણાવે છે કે એક હાંડા પાણીમાં ચાર તોલા કપુરની પોટકી મુકી ત્રણ દિવસ પછી કાઢવી અને પાછળ રહેલું પાણી દરદીના ઘરના તમામ ભાગ ઉપર છાંટવું અગર તો કપુરને પાણીમાં ચોળી નાખવો તો પછી ત્રણ દિવસ રહેવા દેવાની જરૂર નથી. એ પાણી છાંટવાથી કૉલેરાનો ઘણે ભાગે અટકાવ થાય છે. તેમાં વળી એ પાણી કૉલેરાના દરદીને પાવામાં આવે તથા તેના શરીર ઉપર છાંટવામાં આવે તો તેથી પણ કૉલેરાનો અટકાવ થાય છે.

૫૮–મી૦ "હેર રિગ્લર" નામે વિદ્વાન કૉલેરાનો એક અકસિર ઇલાજ નીચે પ્રમાણે બતાવે છે.

નવ સાગરનો બાફ કૉલેરાના દરદીને કલાકોના કલાક સુધી આપ્યા કરવો કાં કે નવસાગર ગમે તેવા ઝેરી સુક્ષ્મોનો નાશ કરે છે.

૫૯–જર્મનિનો એક મિશનરી **મી૦ "એચ૦ લોર બ્રિયર"** કૉલેરાનો ખાતરી ભરેલો નીચેનો ઉપાય બતાવે છે અને તે એટલો તો ફતેહમંદ નિવડેલો કહે છે કે એ ઉપાયમાં જ્યારે ખરચ માત્ર એક દોઢીયાંનોજ થાય છે ત્યારે સોએ પંચાણું ટકા દરદીઓ તેથી સાજા થાય છે. આ ઉપાય તેણે કેટલાક વરસો સુધી અજમાવ્યા બાદ મળી આવ્યો છે તે કહે છે કે આનાશકારક દરદ દરવરસે હિંદુસ્તાનના હજારો લોકોનો ભોગ લેછે. તેથી તે ઉપાય તેઓએ છેલા ત્રણ ચાર વરસ થયા કામે લગાડયો છે. તે એટલો બધો તો ફતેહમંદ નિવડયો છે કે

નેવુંથી પંચાણું ટકા દરદીઓની જીંદગીનો તેથી ઉગારો થયો છે તેથી તેઓના મિત્રોની અરજ ઉપરથી તેઓએ તે ઉપાય લોક હિત્તાર્થે જાહેરમાં મુકેલો છે.

બનાવટ.

એક આંઉસ (રાા ભાર) અજમો લઇને તેને છુંદવો તેમાં બે ગ્રેન મોરથુથુ મેળવી ઉપર આઠ આંઉસ જેટલું ખળ ખળતું પાણી નાખવું ત્યારબાદ એ મેળવણીને પંદરથી વિશ મિનિટ સુધી એક બંધ વાસણમાં રહેવા દેવી અને પછી તેમાંથી દરદીને એક ચાહેના ચમચા જેટલી પાવી. પંદર મિનિટ અથવા અરધા કલાક પછી અગત્ય જણાય તો ફરીથી એટલુંજ આપવું. તરસ લાગેતો ફક્ત પાણીજ આપવું. પણ તે પાણીમાં દર ગ્લાસ દીઠ એક ચમચી જેટલી ઉપલી મેળવણી તેમાં નાખવી અને પાણી ફક્ત નાના જથામાંજ આપવું. વળી તે કહે છે કે દેશીઓને હું ચોખાનું પાણી આપું છું

અને તેમાં દરપાંઈંટ (૧। શેર) દીઠ દસ ગ્રેન જેટલો સુરોખાર નાખું છું તથા ઉપલી મેલવણી પણ દરવેળા જરા જરા પીવા આપું છું.

પેટનો બેસી ગયેલો ભાગ ગરમ પાણી-માં બોળેલા કપડાથી હમેશાં શેકવો જો-ઈએ છીએ.

વળી તે વધારે એમ પણ જણાવે છે કે ઉપલા ઉપાયમાં મોરથુથુ મુખ્ય ભાગ બજાવે છે અને અજમો ફકત તેનું જોશ ઉસ્કેરે છે. તથા કૉલેરા વેળા બંધ પડેલો મુખ રસ વધારે વહેતો કરે છે. પણ ઉ-પલી અજમાની મેળવણી જળવાઇ રહેતી નહીં હોવાથી આ ઉપાય પાસે ને પાસે રાખવા ઇચ્છનારાઓએ ગાળેલો "ઓલમ" એટલે અજમાનો અર્ક રાખવો જોઇએ છીએ અને તે અરક નિચે પ્રમાણે બનેછે.

અર્કની બનાવટ.

એક રતલ અથવા અરધો શેર છુંદલો અજમો અને એક ગ્યાલન (૧૦ શેર)

પાંણી લેવું તે માંહેલા પા ભાગનો અરક કાહાડવો અને તેમાં ચાર ગ્રેન જેટલું મોરથુથુ ઉમેરીને ઉમરે પુગેલાને એક ચમચી જેટલો અને એક બચાંને પાંચ ટીપાં જેટલો આપવો.

તેઓએ બનાવેલો અર્ક.

નીચેની બનાવટનો અર્ક મી. 'લોરબીયરે" પોતેજ બનાવેલો કહે છે અને કહે છે કે તે એટલો તો ખાત્રીવાળો છે કે તે જે દરદી અજમાવે છે તે સાજાં થાય છે, ઘણીજ ભુખ સાથે પોતાનો ખોરાક લેછે. અને પોતાના કામ ઉપર મંડે છે.

બનાવટ.

નીચેનો અરક ચાર આનાના ભાવે અરધો આંઉસ બાટલીમાં તૈયાર બનાવવાને પોતે માથે લીધું છે.

છુંદેલો અજમો............ ૨ ઔંઉસ.
સ્પિરિટ ઑફ વાઈન.........૧૦ ,,

બને વાના મિશ્ર કરી એક બંધ વાસણમાં આઠ દીવસ સુધી રહેવા દેવાં અને વા-

રવાર દરરોજ તેને હલાવ્યા કરવું. બાદ તેને ગાળીને તેમાંથી આઠ આંઉસ જેટલો કરવો પછી તેમાં નીચે લખેલી મેળવણી કરવી.

અજમાનો અર્ક.........૮ આંઉસ ાાશેર
વરીયાળીનો અર્ક.........૪ ,, ૦ા ,,
કલોરાઇડ ઑફ્ કૉપર...૮ ગ્રેન(ધઉંભાર
ઝેરી કચુરો................૧ દ્રામ.

ઉપરની તમામ દવાઓ મેળવી તેમાંથી ઉમરે પુગલાને ખાંડમાં ચાર ટીપા અને બાળકને એકથી બે ટીપાં આપવા તેથી ગમે તેવો કૉલેરાનો દરદી સાજો થશે.

ઉપરની મેળવણીમાં તેઓ "કલોરાઈ ઑફ કૉપર" એટલા માટે વાપરે છે કે તે એક ધાતુમાંથી બનતી મેળવણી છે અને તે "સ્પિરિટ વાઈન"માંજ પિગળે છે.

ઉપરનો ઉપાય મી. **"એચ૦ લોરબિયરે"** ઈ૦ સને ૧૮૮૮ ના જાનેવારી માસની તા. ૧૪મીના **"મુંબાઈ સમાચાર"** માં પ્રખ્યાત કરેલો હતો. તે લોકોપયોગી સબબે અમે જાહેરમાં મુકેલો છે.

ઊપરના ઊપાયોથી કૉલેરાનું જોર નરમ પડી જશે તોપણ તેના કેટલાક લક્ષણોને માટે નીચે પ્રમાણે ઊપાયો કામે લગાડવા જોઇએ

કૉલેરાના દરદીનું અંગ ઠંડુ પડી જાય અને હાથ પગમાં ગોટલી ચડે ત્યારે કરવાના ઊપાયો.

જ્યાંરે અંગ ઠંડુ પડી જાય ત્યારે નીચેપ્રમાણે શેક કરવો. દરદીનેગરમ પાણીએ ભરેલી બાટલીથી, અથવા નિમકની પોટલીથી, અથવા ગરમ કરેલી રેતીની કોથળીઓથી, અગર ગરમ કરેલી ઇંટોથી શેક કરવો. તેની રીતો.

૬૦—જો બાટલીથી શેક કરવો હોય તો ગરમ પાણી કરી બાટલીમાં ભરી બુચ મારી પગ હાથ અને શરીરના બીજા ભાગ ઉપર ફેરવવી. અથવા

૬૧—ખુબ ઊકાળેલા પાણીને ઠાલી બાટલીઠંડા પાણીમાં રાખીતેમાં નાંખવું અને તરતકાઢી નાખવું પછી બુચ મારી દેવો તે એવી રીતે કે તેમાંથી વરાળ નીકળી શકે નહીં બુચને શીલ મારેલો હોય તો વધારે ઠીક. આ

બાટલી માંહેની વરાળ બાટલીમાં રહે-
વાથી ઘણીવાર સુધી બાટલી ગરમ રહેછે
તે ઉપરની માફક ફેરવવી. અથવા જો
રેતીનો શેક કરવો હોય તો,

૬૨—આઠ ઇંચ ચોરસ ફલાનલની એક કો-
થળી સીવી તેમાં તે ભરવી, અને તેનું
મોહોડું બરાબર સીવી લેવું. રેતી બ-
હાર નીકળી ન પડે માટે કોથળીની આ-
સપાસ રૂ અથવા સણનું કપડું વીંટા-
ળવું. હાથ પગ ગરમ કરવા સારૂ ઉના
પાણીની બાટલીને બદલે રેતીની કોથ-
ળી વાપરવી ઠીક પડશે, કાં કે તે એ-
કજ વખત ગરમ કર્યા પછી ઘણો વ-
ખત સુધી તે ગરમજ રહેશે, અને તે
દરદીની પીઠઉપર અથવા હાથે પગે
વગર હરકતે બાંધી શકાશે. એવી ત્રણ
ચાર કોથળીઓ જ્યારે જોઇએતે વખતે
તૈઆર કરી રાખવી ઠીક પડશે, અને
દરદીને તેથી હાથે પગે અને શરીરે,
શેક પણ સારી રીતે થશે.

૬૩–છાશ અને મીઠું એકઠા કરી હાથની હથે-
ળીઓ તથા પગના તળીઆ ઊપર એક ક-
પડાના કુચાવતી લગાવી તે ઊપર લાલચોળ
તપાવેલો તાવેથો ઝડપથી લગાવવો અને
ઊપાડચા બાદ પાછું એ મિશ્ર ચોપડવું એવી
રીતે વારંવાર થોડી વાર કરવાથી ગરમી આ-
વશે. આ ક્રિયાને આપણા લોકો " લાચા
લેવા " એવું નામ આપેછે. એ રીતે શરી-
રના બીજા ભાગો ઊપર પણ શેક કરાયછે.
આ ઊપાય કેટલાક લોકો કૉલેરા થવાની
શરૂઆતમાં કરે છે તેથી ઘણીવાર ફાયદો
થાય છે.

૬૪–દરદીનું અંગ કપડાવતી ઢાંકી રાખવું. શેક
કરતી વખતે પણ ખશેડવું નહીં. નિમક અને
ઈંટોનો શેકપણ સારો છે.

૬૫–હાથ પગમાં ગોટલી ચડે તો હળવેથી દા-
બવી અને પગની તથા હાથની પીંડી ઊપર
રાઇનો લેપ કરવો અથવા રાઈ કે સુંઠની
બારિક ભુકી મસળવી.

૬૬–વળી શરીર ઠંડુ પડે છે ત્યારે ત્વચામાં "ઈ-
થર સલફ્યુરિકની" પિચકારી મારવામાં આ-

વેછે. અને કેટલાક "ક્લોરલહાઇડ્રેટ" ની પિચકારી મારે છે.

કેટલાક તીખાં, અજમો કે ડુંગળીનો રસ અને સુંઠ ઇત્યાદિ ચોળે છે ખરા; પણ તેથી જેવી જોઇએ તેવી અને તેટલી ગરમી આવતી નથી.

કૉલેરાના દરદીને ખોરાક કેવો અને ક્યારે આપવો. !

૬૭–કૉલેરાના દરદીને જેમ પાણીની તરશ વધારે લાગે છે તેમ ક્ષુદ્ધા પણ વધારે લાગેછે માટે તેને વારંવાર કાંજી, દુધ, રાબડી વીગેરે પાતળો ખોરાક આપતા રહેવું. કઠણ ખોરાક જેવો કે રોટલો, રોટલી, ખીચડી, તરકારી માંસ વીગેરે આપવું નહીં અને તે દરદ નરમ પડ્યા પછી પણ જ્યાં સુધી દરદીને બંધાયલો અને પીળો ઝાડો આવે ત્યાં સુધી આપવો નહીં.

૬૮–અંગમાં ગરમી આવવા પછીના ઉપાયો બાબત અગત્યની સૂચના.

એ રીતે કૉલેરાનો દરદી ઝાડા અને ઉલટીમાંથી બચ્યા પછી તેને ઘણી હિંમત આવે

છે કેમકે તેને જીવવાની આશા બંધાય છે. તેથી કેટલાક અણસમજુ મનુષ્યો દરદીની દરકાર કરતાં નથી અને તેથી થોડા દિવસે માઠા પરિણામો બને છે. માટે નીચે લખેલી સૂચના ઊપર અવસ્ય ધ્યાન આપવું જોઇએ. એ રીતે ઊલટી અને ઝાડો બંધ થયાપછી દરદીને ઘણીવાર તાવ આવેછે, ખાલીઊલટી થાય છે, અથવા તાવની સાથે બડબડ કરી બેશુદ્ધ થઈ દરદી પડી રહેછે. પેશાબ બંધ થઈ જાય છે અને અંતે માઠું પરિણામ નિપજે છે. માટે આવો વખત આવી પહોંચે ત્યારે સાવધ રહેવું જોઇએ.

સરીરમાં સારી ગરમી આવે અને નાડી ઊતાવળી ચાલે કે તુરત ગરમ ઊપાયો બંધ કરી દેવા. અને,

૬૯–મુત્રપિંડના સ્થળ ઊપર રાઈનો લેપ અથવા (બ્લસ્ટર (પ્લાસ્તર) મારવું અથવા

૭૦–ગરદનની પછવાડે પણ "બ્લસ્ટર" મારવું. અથવા લેપ કરવો અને પેશાબ છુટે એવા ઊપાયો કરવા. જેવા કે

૭૧–ગરમ પાણીમાં કમર સુધી દરદીને થોડીવાર બેસાડવો. અથવા

૭૨–પાણીમાં સુરોખાર નાખીને તે પાણી પાવું અથવા "સોડા" અને "ટાર્ટરિક ઍસિડ" જુદા જુદા વાસણમાં પલાળી તેને એકત્ર કરી ઊભરો આવે કે પાઈ દેવું. એ પ્રમાણે ઊલટી બંધ થાય ત્યાં સુધી દર બે કલાકે પાયા કરવું. અથવા એ ચીજો હાજર ન હોય તો.

૭૩–કેશુડાં બાફીને પેડુ ઊપર બાંધવાં અથવા

૭૪–એ પણ ન હોય તો પેડુ ઊપર ગરમ પાણીની ધાર કરવી તેથી પેશાબ છુટશે અને દરદીને આરામ થશે,

ઊપર બતાવેલા તાવ તથા બંધેજ મુત્રપિંડના વરમ (સોજા) ને લીધે થાય છે. માટે પેશાબ થવા સારૂ નીચેની દવા પાવી.

૭૫— ટીંક્ચર કાન્થારિડીસ.........૨ ટીપાં.
ટીંક્ચર ડિજીટેલિસ...........૫ ટીપાં.
પાણી.........................૧ આંઊસ.

એ ત્રણે દવા મિશ્ર કરી દર કલાકે પાવી.

૭૬— ઉપરની દવાથી પેશાબ ન આવે તો "ક્યાલોમેલ" બે ગ્રેન (ઘઉંભાર) શાકરના શીરામાં મેળવીને આપવું. અને જો ઝાડો બંધ રહેતો હોય તો તે આપ્યા પછી ત્રણ કલાકે એક મોટો ચમચો ભરી વિલાયતી અથવા દેશી એરંડીયું આપવું પણ જો મુત્રપિંડ ઉપર દુઃખાવો હોય તો ઉપલી બને દવા માંહેની એકે આપવી નહીં અને હેઠળ લખેલી દવા એક લીકર ગ્લાસ પ્રમાણ દર ત્રણ કલાકે આપવી.

૭૭— સ્પિરિટ ઑફ નાઈટ્રિક ઈથર...૬૦ ટીપાં
નાઈટ્રેટ ઑફ પોટાશ .... ૬ ગ્રેન
પાણી ....૩ આંઉસ

ઉપરની દવા તાવનું જોર વધે તેને નરમ પાડવામાં બહુ ઉપયોગી છે.

એ રીતે કૉલેરાના રોગના ઉપર લખેલા ઉપાયો તાબડતોબ કામે લગાડવાથી માણસ બચી જાય છે. માટે આવા પુસ્તકો હરકોઈ કુટુંબમાં રાખવાં જોઇએ કેમકે તે હરકોઈ વખતે પોતાની કીંમત કરતાં વિશેષ બદલો વાળ્યા વિના રહેશે નહીં.

છેલે અમારે કહેવું જોઇએ કે આ બુક બનાવવામાં અમે દરેક ઉપાયોની શોધ ખોળ. કરી એકઠા કરેલા છે તે સર્વને ઉપીયોગી થઈ પડશે એટલેજ અમે અમારો શ્રમ સફળ સમજીશું.

ચોથો ભાગ સમાપ્ત.

જાહેર ખબરો.

---

૧૦૦ વર્ષનું પંચાંગ.

આ પંચાંગ અથાગ મહેનતની એક અજાયબી છે કાંકે તે જ્યારથી બહાર પાડવામાં આવ્યું છે ત્યારથી સરકાર, દરબાર, કોરટ કચેરી કે વેપારવણજમાં જોઈતી તારીખો, તિથિઓ અને વાર ઇત્યાદિ બતાવવા એક અચ્છું સાધન થઈ પડયું છે અને તેથી તેની પહેલી આવૃત્તિની ૩૦૦૦ નકલો ખલાસ થઇ જવાથી બીજી આવૃત્તિ છપાય છે.

અજાયેબ જેવું તો એ છે કે આ પંચાંગ બહાર પડયા અવલ થયેલા ગ્રાહકો પાસેથી દર બુકના રૂ ૧—૪—૦ લેવામાં આવેલા છતાં પાછળથી તેથી બમણી કિંમત ખરચીને પણ લોકોથી લેવાયા વગર રહી શકાયું નહીં. માટે ચેતવણી આપવામાં આવે છે કે આ નવી આવૃત્તિ છપાય છે તેના ગ્રાહકો થવાને ચુકયા તો ખચિત મોઘી કીંમત દઇને પણ લેવાની જરૂર પડયા વગર ર-

હેશે નહીં.

મોટો લાભ—આ નવી આવૃત્તિમાં પ્રથમ કરતાં પચાસ બાબતો વધારી તેનો દોઢો કદ કરવા છતાં પણ તેની કીંમત નીચે પ્રમાણે રાખી છે.

અગાઉથી ખરીદનારને

કાચા પુંઠાવાળાની રૂ ૧-૪-૦
પાકા પુંઠાવાળાની રૂ ૨-૦-૦
પાકા સોનેરીવાળાની રૂ ૩-૦-૦

આપવા પડશે. શિવાય પોષ્ટ ખર્ચ જુદું. પરંતુ જેઓ અગાઊથી નાણા ભરશે તેને અરધું પોષ્ટ ખરચ પડશે તેમાં વળી દસથી વધુ ખરીદ કરશે તો તદન માફ કરવામાં આવશે. અને એકપ્રત વધુ મળશે.

પાછળથી ખરીદ કરનારને ડબલ કીંમત આપવી પડશે અને વળી પોષ્ટ ખર્ચ જુદું ભરવું પડશે.

છગનલાલ ગોડીદાસ વકીલ.

સાયલા—કાઠિયાવાડ.

દંત મંજન.

આ એક એવું તો ખુશબોદાર અને ગુણકારી મંજન છે, કે તે દરેક હિંદુ, મુસલમાન, અને યુરોપીયન ઈત્યાદિ વાપરવા લાગ્યા છે કેમકેતેથી દાંતના ગમે તેવા દરદોનો જડમુળથી નાશ થાયછે.

કીંમત ડબ્બા ૧ ના આના ચાર અને પોષ્ટેજ.

ઠ૦ ગો૦ વકીલ સાયલા.

એસ૦ સી૦ કોઠારીની કંપનીની અનુભવ સિદ્ધ દવાઓ.

ખાસ ગેરંટી—આપવામાં આવેછે કે આ નિચે લખેલી કોઇ પણ દવા તેમાં લખેલા ગુણો કરવાને અસમર્થ છે એવું પોતાના ઇમાન ઉપર એકીન રાખી લખી મોકલનારને લીધેલા પઇશા વગર આનાકાનિએ પાછા આપવામાં આવશે. માટે ખરીદો અને ખાત્રી કરો.

૧–કૉલેરા મિક્ષ્ચર.

આ મિક્ષર કૉલેરાના ફેલાવા વખતે પીવામાં આવે તો તેથી તે પીનારને કૉલેરાનો રોગ બિલકુલ લાગુ થતો નથી. કીંમત એક પાઉંડ અથવા શેરની બાટલી એકના માત્ર ચાર આના શિવાય પેકીંગ ખર્ચ.

એસ૦ સી૦ કોઠારીની કું.
સાયલા અને મુળી.
કાઠિયાવાડ.

૨–કૉલેરા પિલ્સ (ગોળીઓ.)

કૉલેરાના બુરામરજ ઉપર આ એક એવી તો રામબાણ ગોળીઓ છે કે તે ગમે તેવા સખત ઝાડા અને ઉલટી ઝપાટામાં બંધ કરે છે. તે સાથે તે એટલી તો સસ્તી છે કે તેની (૧૬) ગોળીના માત્ર ચાર આના અને પેકીંગ ખર્ચ લેવામાં આવે છે. આ ગોળીઓ કૉલેરાના દરદીને દહીં અગર છાશની સાથે દર પા કલાકે આપવાથી

મરણકાંઠે આવેલા દરદીઓ બચી ગએલા છે માટે જલદી મગાવો અને સંગ્રહ કરો કે એવે વખતે બહુ અગત્યની થઇ પડે. વળી અજાયબ જેવું તો એ છે કે એ ગોળી ખાનારને એ રોગ બિલકુલ લાગુ થતો નથી. એમ પણ સિદ્ધ થયું છે. મગાવો અને ખાત્રી કરો.

૩-ફિવર પિલ્સ.

તાવની ગોળીઓ.

આ ગોળીયો ગમે તેવા દાડવા એકાંતરીયા તરીયા ચોથીયા, ટાઢીયા અને અણઉતાર તાવનો એક ખરેખરો શત્રુ જ છે. વાપરવાની સમજુત તેના પ્રોસપેકટમાં લખેલી છે માટે ખચિત્ત મગાવો. કીમત ગોળી (૨૪)ની ડબી એકનો રૂ ૧-૦-૦ અને ટપાલ ખર્ચ જુદું.

૪-જીર્ણજ્વર નાશક પિલ્સ.

ગમે તેટલા લાંબા દીવસનો જીર્ણજ્વર નાશ કરવાને આ એકજ ગોળી અકસિર માલુમ પડી છે. કાંકે તે ગોળીઓ એવી તો જલદ છે કે ફક્ત બે દિવસ ખાવાથી જીર્ણજ્વરનો શમુળગો નાશ થાય છે. દરદીને ભુખ લાગે છે પેટમાં થતો દુખાવો બંધ પડે છે. વધારે વીગતને માટે વાંચો તેની યાદી. કીમત ઉપર પ્રમાણે.

ખબર.

આપવામાં આવે છે કે સર્પડંશ, હડકવા, કૉલેરા અને વીંછીના ઝેરનો હરકોઈ ઉપાય કોઈ શોધક અમને લખી મોકલશે તો તેઓના નામ સાથે અમારી બુકમાં દાખલ કરવામાં આવશે. એટલું જ નહીં પરંતુ તેને એક બુક પણ ભેટ આપવામાં આવશે.

---

૬ લોમ નાશક પાઉડર.

બાલ સાફ કરવાની દવા.

આ એક પાઉડરછે. અને તે એવો તો ગુણકા- રક છે કે જ્યાંથી બાલ કહાડવા હોય તે જગોએ પાણી સાથે લગાવી થોડી વાર સુકાવા દીધાથી કે બાલ ખરી પડે છે છતાં કોઈ જાતની ચલકે બળતરા થતી નથી. કીમત ડબી ૧ ના આના ચાર ફાયદા ભરેલું તો એ છે કે એક ડબી સોળ વખત કામે લગાડવા છતાં તેનાં માંહેનો ગુણ ઓછો થતો નથી.

---

૭ સર્પ દંશનો એક

અકસિર ઉપાય.

આતો ખરૂ છે કે સર્પ ડંશથી દર વરસે હ- જારો માણસનો નાશ થાય છે તેથી તેનો અક- સિર ઉપાય એક યોગી પાસેથી અમને એવો મળી આવેલો છે કે તેથી વધારે ઝેર ચડી એ

શુદ્ધ થયેલા દરદીઓ બચી ગયા છે આ ઉપાય નથી પીવો પડે તેમકે નથી ખાવો પડે તેમ પરંતુ આ એક અરધાં પૈઇસા જેવડો ચોરસ કટકો છે અને તેને જે ઠેયાણે સર્પ ડંશ થયો હોય તે ઠેકાણે એક ચપુ વડે છિદ્ર પાડી લોહી વહેવા માંડે કે તે ઉપર મુકી દેવો અને નીચે એક પાણીનું ઠામ મુકવું. એ કડકો ઝેર ચુશી ભરાઈ રહેશે કે તુરત પેલા પાણીવાળા ઠામમાં પડી જશે. તેને ધોઈ પાછો ફરી ફરીથી જ્યાં સુધી તે ચોટી રહે ત્યાં સુધી તેજ પ્રમાણે ધોઈ ધોઇને મુકયા કરવો જ્યારે તે ડંખ ઉપર ચોટે નહીં ત્યારે સમજવું કે તેમાં હવે ઝેર રહ્યું નથી. આ કડકાની કીમત માત્ર ૧-૦-૦ રૂપીયો રાખવામાં આવી છે. જોઇએ તેઓએ મગાવી લેવો.

ખાસ ધ્યાન આપવા જોગ

જાહેર ખબર.

ધી અમદાવાદ યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડમાં ગુજરાતી, ઇંગ્રેજી, સંસ્કૃત અને શિલા છાપ (લીથોગ્રાફ) ઇત્યાદિ હરકોઈ જાતનું સારૂં, સસ્તું, સફાઇદાર, અને મુદતસર કામ કરી આપવામાં આવે છે. તેમજ (બાઈંડીંગ) બુક બાંધવાનું કામ પણ મન પસંદ જોઇએ તેવું કરી આપવામાં આવે છે. છતાં ભાવ પણ વ્યાજબીજ લેવામાં આવે છે. કામ આપો અને ખાત્રી કરો.

કંપનીએ બહાર પાડેલાં સફાઇદાર સસ્તાં અને ઉપીયોગી પુસ્તકો.

ચિત્રો વાળી આંકની ચોપડી—જેની લાખો ગમે નકલોનો દર વરસે મોટો ઉઠાવ થાય છે.

જાળંધર આખ્યાન—હવે થોડી જ રહી છે.

સુબોધચિંતામણિ—પછીથી નહીં મળે.

મહાભારત—પ્રથમનાં ચાર પર્વ-કવિરાજ જગજીવનને ગીરધર કૃત રામાયણની પેઠે જૂદા, જૂદા રાગમાં રસિક બનાવેલા ચિત્રો સાથે શિલાછાપથી મોટે અક્ષરે છપાઇને બહાર પડ્યું છે; અત્યાર સુધી ગુજરાતી ભાષામાં રચાએલું એવું પદ્યનું એકે મહાભારત બહાર પડયું નથી. કિમત બહુજ સસતીછે.

શિવપુરાણ—ખંભાતના એક પ્રસિદ્ધ કવિ દૂગાંશંકરે સંસ્કૃત ઉપરથી ગુજરાતી ભાષામાં પદ્ય રૂપે રચેલું; અક્ષરઃશ ભાષાન્તર જૂદા, જૂદા રાગ રાગેણિઓ સાથે છપાય છે. નરધાં, સરોદાથી અને માણગોળી વગેરેથી કથા કરનારાઓ અને શિવભકત ગૃહસ્થોને તે એક અતિ ઉત્તમ પુસ્તક છે; માટે ઉપયોગ વાળા ગૃહસ્થોએ આ તક ખોવી નહિ કિમત ધણી જૂજ મૂકવામાં આવી છે.

ધી૦ યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની.

અમદાવાદ.

ટંકશાળ.

જાહેર ખબર.

પ્રિય વાંચનાર ?–જો તમે કોઈ પણ જાતની ગમ્મત સાથે જ્ઞાન આપનાર નવિન નાટકના ગ-ગની, યાને વાર્ત્તાની બૂક બહાર પાડવાને ખાયસ્ર ધરાવતા હોતો અમોને લખશો એટલે મતિ અ-નુસાર બનાવી દેવામાં આવશે. ફી માટે ટીકીટ સામેલ રાખી પત્રદ્વારાએ પુછો.

વળી આપના તરફથી " જૈન ધર્મોદય " યાને "વિદ્યાવર્ધક" કોઈ પણ ગ્રંથ બહાર પડે તો તર્ત ખબર આપશો. એટલે યોગ્ય જણાયેથી યથાયોગ્ય આશ્રય આપવામાં આવશે.

સાયલા. | **જે. એન. એન્ડ. જે. એસ.**
કાઠયાવાડ. | સર્વજન શુભેચ્છક કંપની.

બ્લ્યુબ્લેક શાહી.

ઇંગ્રેજી શાહી જેવી બ્લ્યુબ્લેક શાહી દસસેર થાય એવા આઠ પડીકાનો રૂપીઓ એક. પોષ્ટેજ વધુ નમુના વાસ્તે અરધા આનાની ટીકટ મોકલવી.

નારણજી અમરસી શાહ.
વઢવાણ શેહેર.

ઈંગ્રેજી ગુજરાતી ઉચ્ચાર વાળી.

ડિક્ષનેરી.

આ ડિક્ષનેરી એવી ઉપયોગી થઈ પડે તેવી છે કે, જેમાં ઈંગ્રેજી શબ્દના ઉચ્ચાર, તમામ મિનિંગ (અર્થ) અધરવર્ડસ, રૂટસ, વીગેરે આપેલા છે. અને દરેક વિદ્યાર્થીઓને તેમજ ખાનગી અભ્યાશ કરવાવાળાઓને તેમજ દરેક ઓફીસરોને અતિ ઉપયોગી થઈ પડે તેવી છે. અજાએબ જેવું તો એ છે કે આ ડિક્ષનેરીની અંદર લગભગ ૧૨૦૦ શબ્દો ગુજરાતી ઈંગ્રેજી હમેશાં વપરાતા વેપારી વર્ગને, રેલવે વાળાઓને, ઓફીસરોને અને ટુંકમાં સર્વને ઉપયોગના અર્થો વાપરવામાં આવેલા છે છતાં તેની કીમત ફક્ત રૂ. ૨–૦–૦ રાખવામાં આવેલ છે તોપણ ટપાલ ખર્ચ માફ કરવામાં આવેલું છે નકલો ઘણી જુજ રહી છે.

આ ડિક્ષનેરીની થોડાજ વખતમાં ત્રણ આ-
વૃતિઓ ખલાશ થઈ રહેવા આવી છે. માટે તાકીદે
મગાવો નહીં તો પછી રહી જશો.

એન. એસ. પટેલ.

અમદાવાદ.

દરીયાપુર ઢેડપુરી નં. ૧૩.

વિદ્યા હુન્નર અને હિંદ.

આ માસિક પુસ્તકમાં ખેતીવાડી, જનાવરોની દવા, આ દેશની વનસ્પતીનાં નામ વર્ણન તથા ઉપયોગ, રસાયણશાસ્ત્ર, પરચુરણ હુન્નરના અજમાવેલા નુસખા તથા ગ્રાહકો તરફથી ઉપરની બાબતો ઉપર પુછાએલા પ્રશ્નોના ઉત્તર તથા સાહિત્યનો વિષય પ્રખ્યાત વિદ્વાનોના હાથથી ખાસ લખાઈ આપવામાં આવે છે. વાર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સાથે રૂ. ૨—૩ ૦ લાઈબ્રેરી, કારીગર, ખેડુત વિદ્યાર્થી તથા રૂ. ૨૦ ની નીચેના પગારના મેહેતાજીઓ પાસેથી અર્ધી કીમત આ ચોપાનીઆના ગ્રાહકોને "હિંદની વનસ્પતી" ભાગ ૧ લો એ આઠ અનાની કીમતનું પુસ્તક ફક્ત ત્રણ આને મળશે

તંત્રી

મોતીલાલ કશળચંદ શાહ.

મદ્રાસ રોલેજ ઓફ એગ્રીકલચરનો ગ્રાજ્યુએટ, "ખજાનેહુન્નર" "કૃષિશાસ્ત્ર" અને 'પ્રીન્સીપલ્સ ઓફ એગ્રીકલ્ચર ફોર ઇન્ડીઆ''નો રચનાર.

અમદાવાદ. ઝવેરીવાડ, નીશાપોળ.

૧૦૦ રૂપીઆના ઇનામવાળું એક અમૂલ્ય

પુસ્તક.

નિતીદર્પણ.

છપાયછે જેમાં,

હરકોઇ મનુષ્યજ્યાતિ બાળ, યૂવાન વા વૃદ્ધ; મરદ વા સ્ત્રી; રાજા વા રાણા; ઠાકર વા ચાકર; કારિગર વા મજુર; મેહેતા, કામદાર, નામદાર, ગામદાર ઇનામદાર, માલદાર, મકાનદાર, દુકાનદાર, ખાણદાર, થાણદાર, વ્હાણદાર, પ્હાણદાર, પાનદાર, પાટીદાર, મતાદાર, મામલતદાર, વહીવટદાર, દફ્તરદાર, ગફ-લતદાર, જરદાર, જોરદાર, જમાદાર, જમીનદાર, મોલદાર, મોજણીદાર, ફોજદાર, રોજદાર, રોફદાર, વફાદાર, વનદાર, વતનદાર, વાંટાદાર, દફેદાર હોદેદાર, સુબેદાર, કુએદાર, કલમદાર, અમલદાર, ગુલમદાર, છળદાર, છડીદાર, છટાદાર, પટાદાર, જટાદાર, ધનદાર, ધંધાદાર, ચોપદાર, તોપદાર, હવાલદાર,

પંગારદાર, રસાલદાર, મસાલદાર, અરજદાર, કરજદાર, લેણદાર, દેણદાર, વજનદાર, વળદાર, છળદાર, કળદાર, બળદાર, વકીલો, બારિષ્ટરો, મુખત્યારો, યાને તેમના અસિલો; રેલવે તથા પોષ્ટખાતાના દરેક નોકરો, નાણાવટીઓ, કારિગરો અને મજુરો; ઇત્યાદિ હરકોઇ મનુષ્યને ગમત સાથે જ્ઞાન આપનાર, ક્લેશને કાપનાર, સંપને સ્થાપનાર, વૈરને વિસારનાર, ધૈર્ય મન ધારનાર, જનને સુધારનાર, વિદ્યાને વધારનાર, આળસુને ઉદ્યોગી અને ઉદ્યોગીને દ્રવ્ય આપનાર, બાળકને બોધ આપનાર, દુસ્મનને દોસ્ત કરનાર, સ્ત્રીને સુધારનાર, રાજ હિતકાર છે. મુરખને ડાહ્યો અને ડાહ્યાને સલામત રાખનાર, તંદુરસ્તી સાચવનાર, અને હરકોઈ અનિતી કે અનાચારથી દુર રાખનાર ઇત્યાદિ ગુણોથી ભરપુર રસ અને ચમત્કારવાળા વાકયોનો સમાવેશ કરવામાં આવેલો છે. અને જેના લગભગ (૩૦) પ્રકરણો થયા છે.

છતાં તેની કીમત ઘણી જુજ રાખવામાં આવીછે. અગાઉથી નામ નોંધાવી પઈશા ભરશે તેની પાશેથી

રૂ.૧-૪-૦ લેવામાં આવશે પઈશા નહીં ભરતાં નામ નોંધાવનાર પાશેથી રૂ.૧-૬-૦ અને પાછળથી લેનારના રૂ.૨-૮-૦ શિવાય પોષ્ટ ખર્ચ લેવામાં આવશે માટે જલીદીથી નામો નોંધાવો નહીંતો રહી જશો.

છગનલાલ ગોડીદાશ.

વકીલ. સાયલા.



જાહેર ખબર.

આતો ખરૂં છેકે કોલેરા નામનો ભયંકર અનેપ-
ક્ષિત રોગ દર વરસે લાખો હિંદ વાસીઓનો ભોગ-
લેછે તેથી તે રોગને નાબુદ કરવાના અને હાંકી
કહાડવાના આજ સુધીમાં અકસિર જણાએલા દેશી,
યુનાની અને હોમીઓપેથિક કે વનસપતિ ઈત્યાદિ
અનેક તરેહના ઉપાયો એકઠા કરવામાં આવેલાછે
તે એવા હેતુથી કે હરકોઇ કુટુંબ પછી ભલેને
તે ગામમાં, શેહેરમાં કે વનમાં વસ્તું હોય તથાપિ
આ પુસ્તકમાં એવે વખતે નજર કરશેતો ખચિત તેને
જોઈતી દવા લોકો તુરત મેળવી શકશે.

પ્રવર્તક.